RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 108* Date: 14.02.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કોરોના સંક્રમણ ઘટતા શૈક્ષણિક હિતમાં રાજ્ય સરકારનો નિર્ણય

# રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ ૧૮મીથી ફરી ધમધમશે

## ધોરણ ૬થી ૮ના વર્ગોમાં ભૌતિક શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે, હાજરી સ્વૈચ્છિક પરંતુ વાલીનું સંમિતપત્ર ફરજીયાત

*ગાંધીનગર,તા.૧૩*

રાજ્યમાં આગામી ગુરૂવાર તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૧થી ધોરણ ૬ થી ૮ના વર્ગખંડોમાં પુનઃ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે. શિક્ષણ વિભાગે આ અંગે બહાર પાડેલા ઠરાવમાં જણાવ્યા અનુસાર રાજ્યમાં આવેલી તમામ બોર્ડની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ ૬થી ૮ માટે વર્ગખંડ શિક્ષણ પુનઃ શરૂ કરવાનું રહેશે. જેમાં કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ ઓફલાઈન પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં હાજરી સ્વૈચ્છિક રહેશે તેમજ વિદ્યાર્થીઓના વાલી પાસેથી શિક્ષણ સંસ્થાએ નિયત સંમતિપત્ર મેળવવાનો રહેશે. શિક્ષણ સચિવ વિનોદ રાવે આ ઠરાવના સંદર્ભમાં વધુ વિગતો આપતા જણાવ્યું કે, રાજ્યમાં આવેલી તમામ બોર્ડની પ્રાથમિક શાળાઓ એટલે કે ધોરણ ૬થી ૮ના વર્ગોમાં ભૌતિક શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે. સાથે આવી શાળાઓએ કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ભારત સરકારની ગાઇડ લાઇન્સ તેમજ રાજ્યના શિક્ષણ વિભાગની તારીખ ૮મી જાન્યુઆરી-૨૦૨૧ના જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું છે. આ હેતુસર તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓ તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીઓને શાળાઓ એસઓપીનું પાલન અવશ્ય કરે તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી દેવામાં આવી છે તેમ પણ શિક્ષણ સચિવશ્રીએ જણાવ્યું હતું.



રાજ્ય ના આરોગ્ય વિભાગની સઘન કામગીરીને પગલે હવે કોરોના સંક્રમણ ઘટ્યું છે ત્યારે વિદ્યાર્થીઓના લાંબા ગાળાના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ના વર્ગખંડો પુનઃ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. શિક્ષણ સચિવે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ ઓફલાઈન પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં હાજરી સ્વૈચ્છિક રહેશે તેમજ વિદ્યાર્થીઓના વાલી પાસેથી શિક્ષણ સંસ્થાએ નિયત સંમતિપત્ર મેળવવાનો રહેશે. જે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શિક્ષણમાં ન જોડાય તેમના માટે ઓનલાઇન ક્લાસીસની હાલની વ્યવસ્થા સંબંધિત સંસ્થા-શાળાઓએ ચાલુ રાખવાની રહેશે એમ પણ વિનોદ રાવે ઉમેર્યું હતું. કોરોના સંક્રમિત થાય તેવા વિદ્યાર્થી-શિક્ષક કે અન્ય સ્ટાફને શાળાએ ન આવવા તેમજ કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલી શાળાઓ શરૂ ન કરવાની સૂચનાઓ પણ શિક્ષણ વિભાગના ઠરાવમાં આપવામાં આવી છે તેમ શિક્ષણ સચિવે જણાવ્યું હતું.ધોરણ ૬ થી ૮ના વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જળવાય, દરેક વિદ્યાર્થી , શિક્ષકગણ માસ્કનો ફરજિયાત ઉપયોગ કરે તેમજ એસઓપીની અન્ય બાબતોનું પણ પાલન થાય તેની ખાસ તાકીદ પણ કરવામાં આવી છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે રાજ્ય સરકારે કોરોના સંક્રમણ દરમિયાન પણ વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં ઓનલાઇન શિક્ષણ વ્યવસ્થા ઊભી કરી શૈક્ષણિક કાર્ય ચાલુ રાખ્યું હતું અને વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તેની કાળજી લીધી હતી.

કોરોનાની સ્થિતિમાં સુધારો થતાં ત્યારબાદ ક્રમશઃ વર્ગખંડ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. તદઅનુસાર ગત તારીખ ૧૧ જાન્યુઆરીથી રાજ્યમાં ધોરણ ૧૦-૧૨ અને સ્નાતક અનુસ્નાતક કક્ષાના અંતિમ વર્ષના વર્ગખંડ શરૂ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ધોરણ ૯ અને ૧૧ના વર્ગખંડો તારીખ ૧લી ફેબ્રુઆરીથી પુનઃ શરૂ થઈ ગયા છે તેમજ તારીખ ૮મી ફેબ્રુઆરીથી કોલેજના પ્રથમ વર્ષના વર્ગો પણ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. ધોરણ ૯થી ૧૨ના વર્ગોમાં શરૂઆતના તબક્કે ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ આ વર્ગખંડ શિક્ષણમાં જોડાયા હતા તે સંખ્યા હવે વધીને ૭૦થી ૭૨ટકા જેટલી થઈ ગઈ છે. રાજ્ય સરકારના પરિણામકારી આ પ્રયાસોમાં વાલીઓ પણ પોતાના બાળકોના શિક્ષણ હિતમાં ઉત્સાહથી સહયોગ આપી રહ્યા છે અને વર્ગખંડ શિક્ષણ માટે પોતાના બાળકોને વધુને વધુ પ્રેરિત કરે છે.

## દેશમાં અત્યારસુધી ૭૯,૬૭,૬૪૭ લોકોને કોરોના રસી આપવામાં આવી

ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨,૧૪૩ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન કુલ ૧૧,૩૯૫ લોકો સાજા થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૦૩ લોકોનાં મોત થાય છે. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૧,૦૮,૯૨,૭૪૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૧,૦૬,૦૦,૬૨૫ લોકો સાજા થયા છે. દેશમાં અત્યારસુધી કોરોનાને કારણે ૧,૫૫,૫૫૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં હાલ કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૧,૩૬,૫૭૧ પર પહોંચી છે. કોરોના વેક્સીનની વાત કરવામાં આવે તો અત્યારસુધી દેશમાં ૭૯,૬૭,૬૪૭ લોકોને રસી આપવામાં આવી છે. શુક્રવારે ૭,૪૩,૬૧૪ લોકોને રસી આપવામાં આવી હતી. દેશમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૭.૩ ટકા છે. જ્યારે મૃત્યાંક ૧.૪ ટકા છે. દેશમાં અત્યારસુધી કોરોના વાયરસના કુલ ૨૦,૫૫,૩૩,૩૯૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૨મી ફેબ્રુઆરીના રોજ દેશમાં કોરોના વાયરસના ૭,૪૩,૬૧૪ ટેસ્ટ થયા હતા.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૬૮ કેસ નોંધાયા છે. જેની સામે ૨૮૧ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એક દર્દીનું મોત થયું છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪,૪૦૦ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૬૭ ટકા છે. રાજ્યમાં શુક્રવારે ૨૫,૮૨૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૭,૬૭,૬૧૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

આરોગ્ય વિભાગે આપેલી વિગતો પ્રમાણે રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં અમદાવાદમાં ૬૦, સુરતમાં ૩૬, વડોદરામાં ૫૩, રાજકોટમાં ૪૬, આણંદમાં ૮, ખેડા, જામનગર, ગાંધીનગરમાં ૭-૭ સહિત કુલ ૨૬૮ કેસ નોંધાયા છે. આજે અરવલ્લી, બનાસકાંઠા, ભરુચ, ભાવનગર, ડાંગ, નવસારી, પાટણ, સુરેન્દ્રનગર, તાપી, વલસાડ એમ કુલ ૧૦ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે એક દર્દીનું મોત થયું છે. આ મોત અમદાવાદમાં થયું છે. બીજી તરફ અમદાવાદમાં ૬૧, સુરતમાં ૪૬, વડોદરામાં ૪૧, રાજકોટમાં ૪૫, દાહોદ, કચ્છમાં ૧૦-૧૦ સહિત કુલ ૨૮૧ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૭૬૭ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૨૮ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૭૩૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨,૫૮,૨૫૫૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

## વડાપ્રધાન મોદીના અનુભવો પર આધારિત કેન્દ્રીય બજેટ: નાણાપ્રધાન



ન્યુ દિલ્હી,તા.૧૩

નાણામંત્રી નિર્મલા સીતારામને શનિવારે કેન્દ્રીય બજેટને દેશને 'આત્મનિર્ભર' બનાવવાની ભૂમિકા ગણાવી હતી અને કહ્યું કે કોરોના વાયરસ મહામારીના કપરા સમયમાં પણ સરકારને આર્થિક સુધારાઓ માટે પગલા ભરતા અચકાઈ નથી. સીતારામને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ પર લોકસભામાં થયેલી ચર્ચાના જવાબમાં એમ પણ કહ્યું કે સુધારણા પગલાં લેવાનો ઉદ્દેશ ભારતને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થામાંનો એક બનાવવાનો છે. તેમણે કહ્યું કે અર્થવ્યવસ્થાની મંદીને ધ્યાનમાં રાખીને આ બજેટ ઘણા નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા પછી લાવવામાં આવ્યું છે અને આ બજેટમાં ભારતની આત્મનિર્ભર બનવાની ભૂમિકા છે. નાણાં પ્રધાને કહ્યું કે કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ હજી કેટલાક અન્ય દેશોમાં છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે રીતે કામ કરવામાં આવ્યું હતું અને અહીં પરિસ્થિતિ સાથે કેવી રીતે સામનો કરવામાં આવ્યો છે, તેનું પરિણામ એ આવ્યું છે. અર્થતંત્ર ટકાઉ છે તેઓ આગળ વધી રહ્યા છે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મહામારીની પડકારજનક સ્થિતિ પણ દેશના લાંબા ગાળાના વિકાસ માટે સુધારાનાં પગલાં લેવામાં સરકારને રોકી શકી નથી.

### કોંગ્રેસે ત્રણ રાજ્યોમાં ખેડૂતોનાં દેવાં-માફ નથી કર્યા, મહામારીના કપરા સમયમાં પણ સરકારે આર્થિક સુધારા માટે ભર્યા પગલા, અમે ન જમાઈ માટે કામ કરીએ છીએ ન ક્રોની માટે: નાણામંત્રી

નાણાપ્રધાન નિર્મલા સીતારામને લોકસભામાં શનિવારે બજેટ પરની ચર્ચાનો જવાબ આપતાં ફરી એક વાર કોંગ્રેસ અને વિપક્ષ નિશાન સાધ્યું છે. કોંગ્રેસ કેમ પહેલાં કૃષિ કાયદાઓને ટેકો આપતી હતી? જે હવે બદલાઈ ગઈ છે? ખેડૂતોને જ્ઞાન આપતી કોંગ્રેસ અનેક રાજ્યોમાં ચૂંટણી જીતવા કહેતી હતી કે અમે કૃષિ લોન આપીશું, પણ મધ્ય પ્રદેશમાં એ લાગુ નથી થયું. કોંગ્રેસે મત મેળવીને ખેડૂતોને ગેરમાર્ગે દોર્યા છે. કોંગ્રેસે રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં દેવાં માફ નથી કર્યાં. આશા છે કે કોંગ્રેસ આ બાબતે નિવેદન આપશે, પણ નથી આપ્યું. કોંગ્રેસ પરાળી વિષય પર પંજાબમાં કોંગ્રેસ સરકાર દ્વારા ખેડૂતોને કેટલીક રાહત અપાવશે, પણ એ પણ નથી થયું. તેમણે નામ લીધા વિના વિપક્ષી કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે આઝાદીથી સત્તામાં રહેલી પાર્ટીને ૧૯૯૧ માં આર્થિક સુધારા વિશે જાણ થઈ હતી અને આ સરકાર અને વડા પ્રધાનને વારંવાર આર્થિક સુધારા અંગે પ્રશ્નો પૂછવામાં આવે છે. સીતારામને કહ્યું કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમના સંબોધનમાં ખેડુતો, મૂડી બનાવનારા ઉદ્યમીઓ (સંપત્તિ નિર્માતાઓ) વિશે પણ વાત કરી. આ ઉદ્યોગસાહસિકો વિના અર્થતંત્ર કેવી રીતે ચાલશે?

તેમણે કહ્યું કે આ સવાલ વારંવાર ઉઠાવવામાં આવી રહ્યો છે કે આ બજેટમાં કૃષિ ક્ષેત્રની ફાળવણી કેમ ઓછી કરવામાં આવી? તેમણે કહ્યું કે આ વસ્તુ ખોટી રીતે મુકવામાં આવી છે. નાણાં પ્રધાને કહ્યું, "આ સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા લગભગ ૧૦.૭૫ કરોડ ખેડૂતોના ખાતામાં રૂ. ૧.૧૫ લાખ કરોડનો નફો ટ્રાન્સફર કર્યો. પીએમ મોદીના અનુભવો પર આધારિત બજેટ

નાણામંત્રીએ કહ્યું, આ બજેટ પીએમ મોદીના અનુભવો પર આધારિત છે જયારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે ૧૯૯૧ પછી લાઇસન્સ અને કોટા રાજ ખતમ થઇ રહ્યું હતું અને ગુજરાતમાં ઘણા કામો થઇ રહ્યા હતા. અને એ જ અનુભવના આધારે રિફોર્મ્સને બજેટમાં સામેલ કરવાં આવ્યા.

### દેશમાં ૭૯ લાખ લોકોનું રસીકરણ

## કોરોનાના ૧૨,૧૪૩ના નવા કેસ, ૧૦૩નાં મોત



ન્યુ દિલ્હી,તા.૧૩

દેશમાં કોરાના વાઈરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં નવા કેસો ઘણા સમયથી ૨૦,૦૦૦થી નીચે આવી રહ્યા છે. એ સાથે મૃતકોની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૧.૦૮ કરોડને પાર પહોંચી છે. આરોગ્ય મંત્રાલયે જારી કરેલા આંકડા મુજબ પાછલા ૨૪ કલાકમાં ૧૨,૧૪૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ લોકોનાં મોત થયાં છે. દેશમાં આ વાઈરસથી અત્યાર સુધી કુલ ૧,૦૮,૯૨,૭૪૬ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે અને અત્યાર સુધી ૧,૫૫,૫૫૦ લોકોનાં મોત થયાં છે. જોકે આ ખતરનાક બીમારીને ૧,૦૬,૦૦,૬૨૫ લોકો માત આપી ચૂક્યા છે. પાછલા ૨૪ કલાકમાં ૧૧,૩૯૫ લોકો કોરોના સંક્રમણથી ઠીક થયા છે. જ્યારે હાલ આ વાઈરસના સંક્રમિત સક્રિય લોકોની સંખ્યા ૧,૩૬,૫૭૧ પહોંચી છે. રિકવરી રેટ વધીને ૯૭.૨૬ ટકાએ પહોંચ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૪૩ ટકા થયો છે. દેશમાં અત્યાર સુધીમાં ૭૯,૬૭,૬૪૭ લાખની આસપાસ લોકોને કોરોનાની રસી આપવામાં આવી ચૂકી છે. ગઈ કાલે ૪,૬૨,૬૩૭ કોરોના રસી આપવામાં આવી હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૨૭૯

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૬૪૯૯૭

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૨૮૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૫૮૯૩૪

## ભારતે તેના આસપાસના દેશો સાથે કનેક્ટિવિટી વધારવાની જરૂર: આર્મી ચીફ

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતીય આર્મી ચીફ જનરલ મનોજ નરવાને કહ્યું છે કે ભારતે તેના આસપાસના દેશો સાથે કનેક્ટિવિટી વધારવાની જરૂર છે, જેથી ભારતની આસપાસ યથાવત્ સ્થિતિ બદલવા માટે ચીન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો સાથે કાર્યવાહી કરી શકાય. આર્મી ચીફ એમ.પી. નરવાનેએ કહ્યું કે, ચીન જે રીતે એકતરફી રીતે પડોશની વિવાદિત સરહદો પર સ્થિરતા બદલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેણે વિવાદ અને અવિશ્વાસનું વાતાવરણ ઉભું કર્યું છે. જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરતાં જનરલ મનોજ નરવાને કહ્યું, "પ્રાદેશિક અને આંતરિક પર કેન્દ્રિત કનેક્ટિવિટી સીધી સુરક્ષા સાથે સંબંધિત છે. ઉત્તર-પૂર્વની સંભાવનાઓને બહાર લાવવી અને ચીની પ્રભાવને સંતુલિત કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. કલાદાન મલ્ટી-મોડલ અને ત્રિપક્ષીય હાઈવે જેવા પડોશી દેશોમાં કનેક્ટિવિટી માટેની ભારતની આંતરરાષ્ટ્રીય યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતાં મનોજ નરવાને કહ્યું, "અમે જે રીતે અમારા વચનો પૂરાં કરી શક્યા નહીં, તે પ્રાદેશિક જોડાણ માટેના અમારા પ્રયત્નોને નિષ્ફળ કરી. ઉત્તર પૂર્વ પર પડોશી દેશોમાં રાજકીય અસ્થિરતાના પ્રભાવ વિશે વાત કરતા નરવાને કહ્યું કે, "આપણી આસપાસના પાડોશી દેશોની પ્રવૃત્તિઓ સીધા ભારતના ઉત્તર પૂર્વ વિસ્તારની સુરક્ષાને અસર કરે છે." નેપાળ ભારતનો પરંપરાગત મિત્ર રહ્યો છે, પરંતુ તેમાં ચીની રોકાણો એટલા બધા થયા છે કે આજે નેપાળ સૌથી મોટા રાજકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

આર્મી ચીફે ભારતના ઉત્તર પૂર્વ ક્ષેત્રમાં એક આસામ રાઈફલ અને યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિક્યુરિટી ચેલેન્જનું આયોજન કર્યું છે. સેના પ્રમુખનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે. જયારે ચીન પૂર્વી લદ્દાખના પેંગોંગ તળાવથી પોતાના સૈનિકો પરત ખેંચવાની સંમતિ આપી ચૂક્યું છે. જેને લઈને ગયા વર્ષે એપ્રિલ મહિનાથી બંને દેશો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.


## તંત્રી સ્થાનેથી...

# ઉમેદવારો બાબતે ઉહાપોહ વચ્ચે મતદારો નોટાને મહત્વ આપશે કે શું....?

રાજ્યમાં અત્યારે સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીના પડઘમ શરૂ થઇ ગયા છે તે સાથે કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ ચૂંટણી ઢંઢેરા જાહેર કરી દીધા છે જેમાં ચૂંટણી ઢંઢેરામાં પક્ષ પલટો નહિ કરું તેવુ કોઈ પણ પક્ષે આમ પ્રજાને વચન આપ્યું નથી.....! જ્યારે કે દેશમાં પક્ષાંતર ધારો હોવા છતાં અનેકો ચૂંટાયેલા પ્રતિનિધીઓએ પોતાના સ્વાર્થ ખાતર પક્ષ પલટો કરી રાજકીય લાભ મેળવતા રહ્યા છે. પ્રજા જેના ઉપર વિશ્વાસ મૂકી મત આપે છે તે ચૂંટાયેલા પ્રતિનિધિ આમ પ્રજાને પૂછ્યા વગર વિશ્વાસમાં લીધા વગર રાતોરાત પક્ષ પલટો કરી આમ પ્રજાજનોનો વિશ્વાસઘાત કરે છે... છતાં આવા લોકોને કાયદાકીય સજા કરવાની કોઇ જોગવાઈ નથી. જ્યારે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થયા બાદ ભાજપા અને કોંગ્રેસ પક્ષમાં ઉમેદવાર પસંદગી બાબતે ભારે હોહા મચી ગઈ છે. આ શું ઉહાપોહ માત્ર મહાનગરપાલિકા અને નગરપાલિકા પૂરતો નહીં રહેતા ગ્રામ્ય સ્તરની ચૂંટણીઓ સુધી પહોંચી ગયો છે. તે સાથે જે-તે પક્ષમાંથી રાજીનામાં આપવા અને પક્ષ પલટો કરવા સુધીની ઘટનાઓ બની રહી છે. તો ઓવૈસીના પક્ષે જે પ્રકારે ગુજરાતમાં પ્રવેશ કરીને આપેલા ભાષણોમા એવી ભાષાનો ઉપયોગ કર્યો કે મુસ્લીમ સમાજમાં ભાગલા પડી જાય તેમજ જ્યાં આમપ્રજામા માતૃભાવના મજબૂત બની ગઇ છે તેમાં તિરાડ પડે તેવા પ્રકારના શબ્દો વાપર્યા.જેના પરિણામે મોટાભાગના બિરાદરો એઆઈએમઆઈએમ પક્ષથી દૂર રહ્યા છે. તો તેમના પક્ષે ઉમેદવારો પસંદ કર્યા છે જેમાં કેટલાક અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે કે સમાજમા સ્વિકૃત નથી જેની અસર મોટાભાગના બિરારોમાં પડી છે. ત્યારે ચૂંટણીતંત્ર, પોલીસ તંત્રની જાહેર સભા-કાર્યક્રમો પર નજર હોવા છતાં વાપરેલ ગલીચ શબ્દો માટે કે વૈમનસ્ય પેદા કરતા શબ્દો માટે જરૂરી કાર્યવાહી કરી નથી...પરિણામે સોશિયલ મીડિયા પર એવો મેસેજ વાયરલ થઈ રહ્યા છે કે ઓવૈસીની પાર્ટી ભાજપની બી પાર્ટી છે....જેના પ્રત્યાઘાત પણ મોટા પ્રમાણમાં પડ્યા છે.....!

મહાનગરપાલિકાઓમાં ચૂંટણી પ્રચાર શરૂ થઈ ગયો છે તે સાથે જે તે પક્ષના ઉમેદવારો સામે જાહેરસભા થી લઈને મતદારોની મુલાકાતે નીકળે ત્યારે તેઓનો બળવાખોરો વિરોધ કરી રહ્યા છે જ્યારે કે કેટલાક વિસ્તારોમાં પક્ષના ઉમેદવારે પ્રચાર કરવા આવવું નહીં કે પ્રચાર પ્રવેશબંધી જેવા બેનરો લાગી ગયા છે. ગ્રામથી લઇને મનપા સુધી ઉમેદવારો બાબતે મોટા પ્રમાણમાં ઉહાપોહ કે વિરોધ છતા ગુજરાતના મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ નેતાગણે આવા બળવાખોરોને નકારી દીધા છે કે ક્યાંક પક્ષમાંથી સસ્પેન્ડ કરવા સુધીના પગલા લીધા છે. તેમજ જરૂર પડે ત્યાં નહિવત પગલારૂપે એકાદ બે ઉમેદવાર બદલ્યા છે. પક્ષ અને પણ ટિકિટ આપી છે. તો ટીકીટ ન મળતા જે તે પક્ષ છોડી પક્ષ પલટુઓ અન્ય પક્ષમાંથી ટિકિટ મેળવી ચૂંટણી લડી રહ્યા છે. આને આવા કારણે આમ પ્રજામાં જાગૃત મતદારોમા આતરિક સવાલી ચર્ચા બની છે કે ઈવીએમમા મતદાન "નોટા" બટન છે કે નહીં....? તે સાથે પક્ષ પલટુઓ તેમજ નાપસંદ ઉમેદવારો માટે નોટાનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય તેવો આંતરિક પ્રચાર મોટા પ્રમાણમાં શરૂ થઈ ગયો છે....! જ્યારે કે ચૂંટણી પંચે "નોટા" બાબતે અગાઉ આપેલ મહત્વ મુજબ પ્રચાર થયો જ નથી. ત્યારે આ ચૂંટણીમાં ખાસ કરીને મહાનગરપાલિકા અને નગરપાલિકામાં વધુ પ્રમાણમાં "નોટા" નો ઉપયોગ થઇ શકે તેવી દહેશત જાગૃત મતદારો અને રાજકીય પંડિતો વ્યક્ત કરી રહ્યા છે.....!?

## કેનેડાના બદલાયા સૂર, ખેડૂત આંદોલન મામલે ભારત સરકારની કરી પ્રશંસા



ઓટાવા,તા.૧૩

ખેડૂત આંદોલન પર ભારતને સખ્ત તેવર બતાવનારા કેનેડાના સૂર બદલાતા જોવા મળી રહ્યા છે. ભારતની વેક્સિન ડિપ્લોમેસીના કારણે ગુરૂવારના કેનાડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ પીએમ મોદીની પ્રશંસા કરી હતી. સાથે જ તેમણે વેક્સિનની જરૂરિયાતથી પણ પીએમ મોદીને વાકેફ કર્યા હતા. આજે તેમણે ખેડૂત આંદોલન પર ભારતના વલણની પ્રશંસા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે, "કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડોએ ખેડૂત આંદોલનને લઈને ભારત સરકારના વાતચીતના પ્રયત્નોની પ્રશંસા કરી છે. આ સાથે જસ્ટિન ટ્રૂડોએ કહ્યું છે કે, તેમની સરકાર ત્યાં રહેલા ભારતીય રાજદ્વારીઓ અને પરિસરોની સુરક્ષાની ખાતરી કરશે." ઉલ્લેખનીય છે કે કોવિડ વેક્સિનને લઈને કેનેડા તરફથી મદદ માંગવામાં આવી. જેના પર ભારતે દરેક સંભવ મદદ કરવાનો ભરોસો આપ્યો છે.

પીએમ મોદીએ ટ્વીટ કરીને જણાવ્યું કે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ ફોન પર વેક્સિનને લઈને વાતચીત કરી. મોદી તરફથી વેક્સિનને લઈને મદદનો ભરોસો આપવામાં આવ્યો. આ ઉપરાંત બંને નેતાઓ વચ્ચે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ ઈકોનોમિક રિકવરીને લઈને સહમતિ બની. પીએમઓના એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું કે, જસ્ટિન ટ્રૂડોએ પીએમ મોદીને કેનેડામાં કોરોનાની સ્થિતિને લઈને જાણકારી આપી. સાથે જ તેમણે કેનેડા માટે કોવિડ-૧૯ વેક્સિનની જરૂરિયાતથી વાકેફ કર્યા. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતે જેવી રીતે અન્ય દેશોને વેક્સિન ઉપલબ્ધ કરાવીને મદદ કરી એ જ રીતે કેનેડાની પણ મદદ કરવામાં આવશે. જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે, તેમની ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન પર સારી વાતચીત થઈ અને આ દરમિયાન બંને નેતાઓએ લોકતાંત્રિક સિદ્ધાંતો માટે બંને દેશોની પ્રતિબદ્ધતા, તાજેતરના પ્રદર્શનો અને વાતચીત દ્વારા મુદ્દાના સમાધાનના મહત્વ પર ચર્ચા કરી.

### પાકિસ્તાનના કાવતરાનો ઘટસ્ફોટ

# રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડોભાલની ઓફિસની આતંકીઓએ કરી રેકી, એજન્સીઓ એલર્ટ



ન્યુ દિલ્હી,તા.૧૩

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની ઓફિસની આતંકવાદીઓએ રેકી કરી હોવાની વાત સામે આવતા સનસનાટી મચી જવા પામી છે. જૈશ સાથે જોડાયેલા હિદાયત-ઉલ્લાહ મલિક પાસેથી ડોભાલની ઑફિસની રેકીનો એક વીડિયો સામે આવ્યા છે. આ ઘટના સામે આવતા જ ડોભાલની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. જૈશ સાથે જોડાયેલા હિદાયત-ઉલ્લાહ મલિકની કાશ્મીરના શોપિયાંના રહેવાસી મલિકને ૬ ફેબ્રુઆરીએ ધરકપડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ રેકી ગત વર્ષે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને પીએમ મોદીના જેમ્સ બોન્ડ તરીકે ઓળખાતા અજીત ડોભાલની ઓફિસની જ જૈશ-એ-મોહમ્મદના આતંકીએ રેકી કરી હોવાની જાણકારી મળતા જ દેશભરમાં સનસનાટી મચી જવા પામી છે. ડોભાલની રેકી જૈશ સાથે જોડાયેલા હિદાયત-ઉલ્લાહ મલિક નામના આતંકવાદીએ કરી હતી. મલિકે ડોભાલની ઓફિસ અને શ્રીનગરના જુદા જુદા વિસ્તારોનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. મલિક આ વીડિયોને તેના આતંકી આકાઓને પાકિસ્તાન મોકલતો હતો. આ જાણકારી સામે આવતા જ સુરક્ષા એજન્સીઓના કાન સરવા થઈ ગયા છે અને એલર્ટ થઈ ગઈ છે. આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે. જમ્મુના ગંગ્યાલ પોલીસ સ્ટેશનમાં મલિક વિરૂદ્ધ યૂએપીની કલમ ૧૮ અને ૨૦ અંતર્ગત ફરિયાદ નોંધવામાં આવી છે. મલિકને જૈશના ફ્રંટ ગ્રુપ લશ્કર-એ-મુસ્તફાનો પ્રમુખ ગણાવવામાં આવી રહ્યો છે. અનંતનાગમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી. મલિક પાસે હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક અને ત્યાર બાદ ૨૦૧૯માં બાલાકોટ એરસ્ટ્રાઈક બાદથી જ ડોભાલ સતત પાકિસ્તાની આતંકીઓના હિટલિસ્ટમાં છે. મલિકે આ વીડિયો વોટ્સઅપ દ્વારા તેના પાકિસ્તાની હેંડરલર્સને મોકલ્યા હતાં.

અહેવાલો અનુસાર, મલિકે પૂછપરછ દરમિયાન એમ પણ જણાવ્યું હતું કે તેને મે ૨૦૨૦માં એક આત્મઘાતી હુમલા માટે સેંટ્રો કાર આપવામાં આવી હતી. આ માટે મલિક તેના સાથીદારો ઈરફાન ઠોકર, ઓમર મુસ્તાક અને રઈસ મુસ્તફા સાથે મળીને જમ્મુ-કાશ્મીરમાં એક બેંકની કેશવાનમાંથી ૬૦ લાખ રૂપિયા લૂંટ કરી હતી. મલિકે પૂછપરછમાં પાકિસ્તાન સ્થિત ૧૦ લોકોના સંપર્ક નંબરો, કોડ નામો પણ જણાવ્યા છે. આ વિગતના આધારે મલિકના બે સંપર્કોને શોપિયા અને સોપોરમાં ઠાર માંરવામાં આવ્યા હતા. મલિક જુલાઇ ૨૦૧૯માં હિઝબુલ મુઝાહિદ્દીનમાં સામેલ થયો હતો. આ પહેલા તેણે જૈશના ઓવર ગ્રાઉન્ડ વર્કર તરીકે કામ કર્યું હતું. જો કે, બાદમાં તેને ફરીથી જઇશમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો. આ વર્ષે જ ફેબ્રુઆરીમાં જૈશનો ફ્રન્ટ ગ્રૂપ લશ્કર-એ-મુસ્તફા બનાવવામાં આવ્યો હતો.

## રસી બાદ કોરોના સામે એન્ટિબોડી ૮ મહિના સુધી રહી શકે છે: એઈમ્સ ડિરેક્ટર

ન્યુ દિલ્હી,તા.૧૩

ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ દિલ્હીના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે વેક્સિન લગાવ્યા પછી કોરોના સામે એન્ટિબોડી ૮ મહિના અથવા વધુ સમય સુધી રહી શકે છે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો લાંબા સમૌ સુધીની સુરક્ષા માટે ઝડપથી કામ કરી રહ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વેક્સિનેશન માર્ચથી શરૂ થઈ શકે છે. કોરોના પર નેશનલ ટાસ્ક ફોર્સના સભ્ય ગુલેરિયાએ સોશિયલ મીડિયા પર ઘણા સવાલોના જવાબ પણ આપ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લગભગ ૧૪ દિવસ બાદ એન્ટિબોડી વિકસિત થશે. તે સ્પષ્ટ નથી કે તેના દ્વારા માલતિ સુરક્ષા કેટલા દિવસ સુધી રહેશે, પરંતુ એવું માનવામાં આવી રહયું છે કે આ ઓછામાં ઓછું ૮ મહીના કે તેથી વધુ સમય સુધી અસરકારક રહેશે.

૧૬ જાન્યુઆરીએ વેક્સિનેશન શરૂ થયા બાદ ભારતમાં કોવિશીલ્ડ અને કોવેક્સિનના ૭૫ લાખથી વધુ ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. ગુલેરિયાએ વધુમાં કહ્યું હતું કે ૫૦ વર્ષ કરતાં વધુ વયના લોકોને નર્ચ ૨૦૨૧થી વેક્સિન આપવાની શરૂ થઈ જશે. તેમણે એ પણ જણાવ્યું હતું કે તેમાં ૨૦ થી ૫૦ વર્ષ વચ્ચેના બીમાર લોકો પણ સામેલ રહેશે. પશુ ચિકિત્સકોને વધુ જોખમ વાળી યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી તે બાબતના સવાલ પર તેમણે કહ્યું હતું કે આવું એટલા માટે કારણ કે તેઓ કોરોનાના દર્દીઓની સારવાર કરી રહ્યા નથી હોતા.

ગુલેરિયાએ જણાવ્યું હતું કે ઉંમરના આધારે વધુ ગંભીર બીમારીથી પીડાતા લોકોને પણ વેક્સિન આપવામાં આવશે. શા માટે સરકાર અન્ય દેશોને વેક્સિનની સપ્લાય કરીને આપણાં દેશના લોકોને વેક્સિન અપાવાથી કેમ વંચિત રાખી રહી છે? આ સવાલના જવાબમાં ગુલેરિયાએ કહ્યું હતું, કારના કે લોકો મુસાફરી કરીને વાઈરસના વાહક બને છે, આ માટે પ્રસારને નિયંત્રિત કરવા માટે દરેકને વિશ્વ સ્તર પર વેક્સિન લગાવવામાં આવવી જોઈએ. એટલા માટે, દરેક દેશોને વેક્સિનનો પોતાનો હિસ્સો પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે.

# દિલ્હી-એનસીઆરમાં ગાઢ ધુમ્મસ: સવારે પણ વાહનોની લાઈટ ચાલુ રાખવી પડી

ન્યુ દિલ્હી,તા.૧૩

સ્કાય મેટના અહેવાલ મુજબ આગામી કેટલાક દિવસોમાં ઉત્તર ભારતના ૧૫થી વધુ શહેરોમાં ગાઢધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે.દિલ્હી અને એનસીઆરમાં શનિવારે તાપમાનમાં વધારા સાથે ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું. એર ક્વોલિટી ઈંડેક્સ અત્યંત ખરાબ સ્તર પર પહોંચી ગયો છે. ગાઢ ધુમ્મસને કારણે લોકોને સવારે પણ પોતાના વાહનની લાઈટો ચાલુ રાખીને રસ્તા પરથી પસાર થવું પડ્યું હતું. ગાઢ ધુમ્મસને કારણે આગ્રા એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં ૬ લોકોનાં મૃત્યુ થયાં છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી કેટલાક દિવસોમાં ઉત્તર ભારતનાં અનેક શહેરોમાં વરસાદ પાડવાની શક્યતા છે, જ્યારે સ્કાઈમેટનું માનવું છે કે ઉત્તર ભારતના ૧૫થી વધુ શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની સંભાવના છે.

ઈન્ડિગોએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે દિલ્હી એરપોર્ટ પર તેના વિમાનના ટેકઓફ અને લેન્ડિંગમાં મુશ્કેલીઓ આવી હતી. કેટલીક ફ્લાઈટ્સના સમયપત્રકને પણ અસર થઈ હતી. જોકે દિલ્હી એરપોર્ટ ઓથોરિટીએ કહ્યું હતું કે લો વિઝિબિલિટી હોવા છતાં વિમાનોની અવર-જવર સામાન્ય રીતે ચાલુ રહેશે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રમાણે, દિલ્હી-એનસીઆરમાં ગાઝિયાબાદની હવા સૌથી ખરાબ છે. અહીં એર ક્વોલિટી ઈંડેક્સ ૩૭૨ સુધી પહોંચી ગયો છે. ગ્રેટર નોઈડામાં ૩૫૨, દિલ્હીમાં ૩૪૧, ગુરુગ્રામમાં ૩૪૭ અને ફરિદાબાદમાં ૩૨૬ના ભયજનક સ્તરે પહોંચી ગયો છે.

સીપીસીબીનું અનુમાન છે કે હવાની ગતિમાં ઘટાડો થવાને કારણે હાલમાં લોકોને પ્રદૂષણથી રાહત મળવાની કોઈ શક્યતાઓ જોવા મળતી નથી. આગામી બે દિવસ વચ્ચે પ્રદૂષણનો સ્તર આની આસપાસ જ રહેવાની સંભાવના છે. શનિવારે દિલ્હી-એનસીઆરનું હવામાન સામાન્ય હતું. લોકોને ઠંડી અને શીતલહેરથી તો રાહત મળી છે, પરંતુ ચિંતાજનક પ્રદૂષણના સ્તરને કારણે હવા ઝેરી બની હતી. દિલ્હીમાં પ્રદૂષણનો સ્તર ધોરણો પ્રમાણે ૩ ગણો વધારે છે. સીપીસીબીના જણાવ્યા મુજબ, દિલ્હીના ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તાનો સ્તર ૩૦૦ને પાર પહોંચી ગયો છે, એ 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે.

# ભારતે ૨૦ દેશોને મોકલી આશરે ૨.૩ કરોડ કોરોનાની રસી

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતે વિશ્વભરના ૨૦ દેશોમાં આશરે ૨ કરોડ ૩૦ લાખ કોવિડ -૧૯ વેક્સીનના ડોઝ મોકલ્યા છે. ભારત તરફથી કોરોના વેક્સિકનની સપ્લાય સહાય અને વ્યવસાયિક બંને રીતે કરવામાં આવી છે. વેક્સીનના ૬૪ લાખ ડોઝ મદદ તરીકે અને ૧૬૫ લાખ ડોઝ વ્યવસાયિક આધારે મોકલવામાં આવ્યા છે. આગામી સપ્તાહમાં આફ્રિકા અને લેટિન અમેરિકાના ઘણા દેશોમાં પણ સપ્લાય કરવામાં આવશે. ભારતે મૈત્રી ઈન્સિએટિવ (રસી મૈત્રી પહેલ) તરીકે જરૂરિયાતમંદ દેશોને અનુદાન તરીકે વેક્સીન મોકલવાનો નિર્ણય કર્યો છે. ભારતે પડોશી દેશને સૌથી પહેલા રસીમોકલી હતી, જેનો નિર્ણય 'પડોસી પહેલા' નીતિ અંતર્ગત મોકલવામાં આવી છે. ૨૧ જાન્યુઆરીથી શરૂ થયેલી આ અભિયાનના કારણે દુનિયાભરમાં ભારતની પ્રસંશા થઇ રહી છે.

વિદેશી મંત્રાલયના પ્રવક્તા અનુાગ શ્રીવાસ્તવે કહ્યું કે, વૈશ્વિક ટીકા પુરવઠો ભારત આગળ વધારવાનું ચાલુ રાખશે અને ક્રમબદ્ધ તરીકે આમા પગલા ભરીને અનેક લોકો અને દેશનો સમાવેશ કરશે. તેમણે કહ્યું કે, ભારતના શિગોસી દેશો ઉપરાંત ભારતીય સમુદ્ર, કેરિબિયન દેશ અને પશ્ચિમી દેશોના એશિયાઇ દેશોમાં પણ ભારત વૈકલ્પિક પુરવઠો આપી રહ્યું છે. કોવિશિલ્ડે ભારતની 'વેક્સિન ડિપ્લોમેસી' માં ચાઈનાથી બહુ આગળ વધ્યું છે. ચાઈનાની વિક્સિને કેટલાંક મુઠ્ઠીભર દેશઓ જ માન્યતા આપી છે. જયારે ભારતની વેક્સિનને વિશ્વના મહત્તમ દેશોએ માન્યતા આપી છે. ચાઈનાએ નેપાલ અને પાકિસ્તાનને જ વેક્સિકન આપી છે.



આજ રોજ કલેકટર ઓફિસ ખાતે મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકર્તાઓ ફોર્મ ભરવા ઉમટી પડ્યા હતા જેમાં વોર્ડ નંબર ના ૭ ના સુશીલા પુરોહિતે જણાવ્યું હતું કે ભાજપ ના પાર્ટી એ અમને ટીકીટ આપી એ બદલ પાર્ટીનો આભાર માન્યો હતો અને જીતની આશા વ્યક્ત કરી હતી.બીજી તરફ જાગૃતિ મહેતા જણાવ્યું હતું પાર્ટી એ મારા પર ફરી એકવાર વિશ્વાસ રાખી ટીકીટ આપી છે જ્યારે પાર્ટી ને જીત અપાવવા ખડે પગે અમે ઉભા રહીશું અને મતદારોના વિશ્વાસ નો આનંદ જોઈને અમને વિશ્વાસ છે અમે જીતીશું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

## વેલન્ટાઈન ડે




પાછો પેલો યુવાન હૈયાને પાગલ કરતો દિવસ આવી ગયો. જો કે વર્ષે એકવાર આવે છે અને જુવાનિયાઓને ગાંડાતૂર બનાવે છે. પ્રેમનો મહિમા ગાય છે. યાદ અપાવે છે "તું પ્રેમનું પવિત્ર પુષ્પ છે".

હા, માન્યું કે જુવાની દીવાની છે, મારે પણ એક દિવસ હતી.જુવાની ! ક્યારેય બેહુદું કે અણછાજતું વર્તન કર્યાનું યાદ નથી, કદાચ એ કદાચ બાળપણના સંસ્કાર હશે ? હા,

મારું અસ્તિત્વ પ્રેમનો અહેસાસ છે. ખરું પૂછો તો 'વેલન્ટાઈન ડેહ્ન દરરોજ હોવો જોઈએ ! હા, કારણ પ્રેમ જીવનમાં આવશ્યક છે. નવાઈ લાગી ને ? શામાટે ? સાંજના કામ પરથી થાકેલા આવેલા પતિ અને પત્ની એકબીજાનું મલકતું મુખડું જોઈ આખા દિવસનો થાક વિસરી જાય ! પ્રેમ સહ અસ્તિત્વની અભિવ્યક્તિ છે.

બાળકો શાળાએથી આવેલા હોય ,માતા અને પિતાને નિહાળી કેટલાં ખુશ થાય ? અંદાઝ છે ? બસ ભૂલી ગયાને ? પ્રેમ તારો ધબકાર છે

તમારા પોતાનું બાળપણ નજર સમક્ષ વિચારો, યાદ આવી જશે ! પ્રેમ પુષ્પની જેમ પાંગર્યો છે.

મને યાદ છે શાળાએથી આવતી મમ્મીને જોઈ ,આખા દિવસમાં થયેલું બકી જતી. અરે, મારા બાળકોનું માથું પકવતી.

" શાળામાં દિવસ કેવો રહ્યો. "?

"હોમવર્કમાં શું આપ્યું છે" ?

' આજના દિવસ દરમ્યાન ટિચરે શું કહ્યું", વિગેરે, વિગેરે.

પતિ ઓફિસથી આવે કે જમવાની થાળી તૈયાર, ભાવતી દાળ અને શાક જોઈ ખુશ. દાળ ઢોકળી હોય ત્યારે પૂછવું જ શું ? પ્રેમ અને તું એકમેકમાં સમાયેલા છે.

'વેલન્ટાઈન ડેહ્ન ને દિવસે ફુલોનો ગુલદસ્તો આવતો ત્યારે ખુશખુશાલ થઈ જતી. જો કે બધી વ્યક્તિ એક સરખી ન હોય એ હું જાણું છું, પણ પ્રેમની અભિવ્યક્તિ અલગ અલગ પ્રકારે થાય એ તો સચ છે, ચાલો,હ્નવેલન્ટાઈઅન ડેહ્નને દિવસે ઉમળકો જોરદાર જણાય. કિંતુ એ પ્રેમનો ઝરો એ દિવસે સતત વહે અને બાકીના દિવસોમાં સૂકાયેલા રણ જેવો હોય તો જીવનની મધુરતા ક્યાંય ખૂણામાં સંતાયેલી દેખાય ! પ્રેમ આપવો તારો ધર્મ છે

વેલન્ટાઈન ડે એ મજાનો દિવસ છે. ચારે તરફ ઉલ્લાસનું વાતાવરણ જણાય છે. રિસાયેલા પતિ અથવા પત્નીને સુમેળ સાધવાનું સુંદર બહાનું છે, દિલની વાત કહેવા કાજે સ્થળ યા સમયનું બહાનું શોધવું પડતું નથી. પ્રેમ તારો ધબકાર છે.

જુવાનિયાઓ આ તમારો દિવસ છે. પરણિત યુગલ કાજે દિલના ભાવ પ્રસ્તુત કરવાની સુવર્ણ તક છે, પ્રેમની સરિતા તુજમાં વહે છે.


નસિબદાર આધેડ યુગલ કાજે જીવનની મધુરતા અને ઐક્યતા દર્શાવતી અમૂલ્ય ક્ષણો છે. અંતરની ઉર્મિ દર્શાવવા માટે ઉમરનો બાધ હોતો નથી ! ખુલ્લા દિલે એકરાર કરો. ભલે ને હમેશા જતાવતા હો, આજના દિવસે તેની મધુરતા હ્રદય સ્પર્શી જણાય છે. પ્રેમ કાજે વલખાં ન માર.

મને વેલન્ટાઈન દિવસ ખૂબ પ્યારો છે. મારા પ્યારની મધુરતા ઘરમાં પ્રસરી રહે છે, જાણે અજાણ્યે ચારેકોર હાજરી અનુભવું છું. સુખી સંસારના નિર્માતાને મનોમન વંદુ હું. પ્રેમથી પરમાનંદ પ્રાપ્ત થાય.

પ્રેમ છે તો સૃષ્ટિ છે.

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન.અમેરિકા

## તમિલનાડુની આગ દુર્ઘટનમાં માર્યા ગયેલા ને મોરારિબાપુ તરફથી સહાય...



ગઈ કાલે તમિલનાડના વિરુધુ નગર માં આવેલી એક ફટાકડાની ફેક્ટરી માં આગ લાગતાં ૧૭ જેટલા લોકો મૃત્યુ પામ્યા છે. ચેન્નાઈ ખાતે રહેતા રામકથાના શ્રોતાઓ દ્વારા સ્થળ પર પહોંચી ઘટના અંગે જાત માહિતિ મેળવી છે. આ દુ:ખદ ઘટના માં માર્યા ગયેલા હતભાગી લોકોના પરિવાર જનોને શ્રી હનમાનજીની સાંત્વના રૂપે પ્રત્યેકને રૂપિયા ૫૦૦૦ ની તત્કાલ સહાય મોરારિબાપુ તરફથી મોકલવામાં આવી રહી છે. રામકથાના શ્રોતાઓ દ્વારા સ્થળ પર જઈ આ સહાયતા રાશિ વિતરિત કરવામાં આવશે. કુલ રકમ ૮૫ હજાર થાય છે. આ અગાઉ સમગ્ર દેશમાં કે અન્યત્ર ક્યાંય પણ આવી દુર્ઘટના ઘટે છે ત્યારે મોરારિબાપુ તરફથી સહાય મોકલવામાં આવે છે. તમામ મૃતક ના નિર્વાણ માટે પૂજ્ય મોરારી બાપુએ પ્રાર્થના કરી છે અને તેમનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
સભ્ય લેખક : જ્યોતીન્દ્ર મહેતા,પ્રદીપ રાવલ,નાથનાવા ચાંદની,મૈત્રી ઉપાધ્યાય,આરતી મરચંટ,પૂજા કાનાણી,વંદના વાણી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews(સાહિત્ય સરિતા)(ચાર વિડિયો)

--------------------------------

## NOG SS No :0022

વિષય : મા
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : યાદ છે.

મમ્મી, હું તારાથી નારાજ છું અને નારાજ રહીશ. પાછલાં ચૌદ વર્ષથી તારી સાથે વાત નથી કરી અને મારા મૃત્યુ સુધી વાત નહીં કરું. તને કદાચ મારી નારાજગીમાં વજૂદ નહીં લાગતું હોય પણ મારો મુદ્દો સાચો છે.

તને યાદ નહીં હોય પણ મને આજે પણ તારી સાથે જીવેલ દરેક ક્ષણ યાદ છે. વસઈ નજીકનું નાનું ગામ ત્યાં આપણે રહેતા હતાં. પપ્પા દિવસભર નોકરીએ જતાં અને હું ઘરની સામે આવેલ બાલમંદિરમાં જતો અને બપોરે રમીને ઘરે આવતો. તું મને પિત્તળના વાટકામાં દાળભાત ખવડાવતી. મારા માથામાં તું જે હાથ ફેરવતી તે આજે પણ યાદ છે.

થોડા સમય પછી આપણે પાલઘર રહેવા આવી ગયા. ફિલ્મ જોવા ગયા અને મેં આઈસ્ક્રીમ માટે કરેલી જીદ તેં પૂરી ન કરી એટલે રડ્યો હતો તે પણ યાદ છે. તે દિવસે ઘરે આવ્યા પછી મને તેં બહુ માર્યો હતો તે પણ યાદ છે. ત્યારબાદ મેં કોઈ દિવસ જીદ નથી કરી તને ખબર હોય કે ન હોય પણ મને યાદ છે.

મારી દસમીની પરીક્ષા વખતે મારી સાથે તે કરેલા જાગરણો યાદ છે. હંમેશા મારી પસંદગીની રસોઈ બનાવતી તું, ઘણીવખત ન ભાવતી વાનગી આગ્રહ કરીને ખવડાવતી તે મને યાદ છે. મારી પહેલી કમાણીમાંથી તારા માટે લાવેલી સાડીનો રંગ મને યાદ છે.

જ્યારે પણ મારા ઉપર મુસીબત આવી ત્યારે તું મારી આગળ આવીને ઊભી રહી ગઈ તે મને યાદ છે. પપ્પાના મારથી ઘણી વખત બચાવ્યો અને ઘણીવખત તેં જ મને માર ખવડાવ્યો તે પણ યાદ છે.

પપ્પાના તેરમાના દિવસે હોસ્પિટલમાં તારો નીચે પડી ગયેલો હાથ અને આપણો છુટી ગયેલો સાથ મને યાદ છે.

હવે તું જ કહે કેમ નારાજ ન રહું? એ સાચું કે પપ્પાને ઉપર તારી જરૂર હશે પણ શું અમને તારા પ્રેમની જરૂર નહોતી? શું અમ ભાઈબહેનોને તારી જરૂર નહોતી? છતાં નિષ્ઠુર બનીને તું જતી રહી અને હું અહીં જિંદગીથી નારાજ છું.

મારી નારજગી ત્યાં સુધી રહેશે જ્યાં સુધી ફરી તારા કુખે જન્મ ન લઉં.

લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

--------------------------------

## NOG SS No ; - 0068

વિભાગ - ગદ્ય ( લેખ )
શબ્દ - માતા - પિતા - સંતાન
શીર્ષક - જીવનચક્ર

એક સંતાન દીકરો પણ હોઈ શકે અને દીકરી પણ હોઈ શકે. ભલે ને દીકરો હોય કે દીકરી પણ સંતાન એ માતાપિતા માટે સંતાન જ રહેશે.એક સંતાન તેનાં માતાપિતાનાં લીધે જ તરક્કી કરતું હોય છે. હા, અમુક વખતે તેને ઘણાં કષ્ટો વેઠવાં પડે છે. છતાં તે માતાપિતાને તેની ખબર પડવાં દેતું નથી. કારણકે તે માતાપિતાને ખૂબ પ્રેમ કરતું હોય છે. પોતાને ભલે ને ગમે એટલાં કષ્ટો આવી જાય પણ એક સંતાન મા - બાપને કષ્ટમાં જોઈ શકતું નથી એટલે પોતે કષ્ટો વેઠવાં તૈયાર થઈ જાય છે.

"સંતાનનું અસ્તિત્વ છે મા-બાપનાં પ્રેમથી,
મા- બાપનું અસ્તિત્વ છે સંતાનનાં પ્રેમથી,
સંતાન ભલે મા- બાપને ઘડપણમાં છોડી દે
જીવી લેશે મા- બાપ એકબીજાનાં પ્રેમથી!" - ચાંદ

મા કંઇક કામ કરતી હોય ને તો સંતાનનાં દિલમાં જ વેદના થાય છે અને મા માટે સંતાનને કામ કરતું જોઈ માની આંખોમાંથી અશ્રુધારા વહી જાય છે. બંનેને વેદના સમાન થાય છે કારણકે સંતાન એ જનેતાનાં શરીરનો જ એક ભાગ છે. માને હજારો કામ હોય છે પણ પોતાનાં સંતાનને તે પહેલાં સાચવે છે. એક મા જ હોય છે જે પોતાનાં દીકરાને જન્મ આપે છે, મોટો કરે છે, ભણાવે - ગણાવે છે, નોકરીએ લગાવે છે, સારા સંસ્કાર આપે છે અને પરણ્યાં પછી તે તેની મૂડીને તેની વહુનાં હાથમાં સોંપી દે છે. તેના દિલનાં ટુકડાંને પોતાનાં હૃદયથી દૂર કરી વહુને સોંપે છે. આ એક સ્ત્રી એટલે કે માતા જ કરી શકે છે. "કોઈ એવી સ્ત્રી નહિ હોય કે જે એક સ્ત્રીની તરક્કી જોઈને રાજી થાય; પણ મા એક એવી સ્ત્રી છે જે દીકરીની તરક્કી જોઇને હર્ષની લાગણી અનુભવે છે." કહેવાયું છે ને કે "બાપને વ્હાલી દીકરી ને માંને વ્હાલો દીકરો" પણ ખરેખર આ વાત સાચી છે? હા, કદાચ સાચી હોઇ શકે પણ માતાપિતાને બંને એટલાં જ વ્હાલાં હોય છે . વ્હાલની માત્રા વધુ થાય પણ ક્યારેય સંતાન પ્રત્યે ઓછી ન થાય.એક પિતા જ હોય છે જે દીકરીને પગભર બનાવવાં ઇચ્છે છે, બાકી આ દુનિયા તો એક દીકરી પાસેથી ઘણું ઇચ્છે છે, એક પિતા જ હોય છે જે દીકરીનાં સપનાં પૂરા કરવા દિવસ રાત મહેનત કરે છે, એક પિતા જ હોય છે જે દીકરીને પરણાવતી વખતે ખરેખર હૃદયથી રડે છે, એક પિતા જ હોય છે જે દિલ પર પથ્થર રાખી પોતાની લાડકીને જમાઈને સોંપી દે છે.આ એક પુરુષ એટલે કે પિતા જ કરી શકે છે.

કોણ જાણે કે મા- બાપને કેટલી ચિંતા હોય છે! સંતાન જન્મથી પહેલાં પણ માના ઉદરમાં રહી કંઇક શીખતું હોય છે અને જન્મ થયાં પછી ધીમે ધીમે મોટું થાય છે. મોટું થાય એટલે ભણાવવાની ચિંતા, નોકરીની ચિંતા, પરણાવવાની ચિંતા, ઘર ચલાવવાની ચિંતા, સંતાન પિતા બને ત્યારે પાછી સંતાનની ચિંતા. આમ, આ જીવનચક્ર એમજ ફર્યા કરે છે અને સમાજ સાથે સમાયોજન સાધે છે. આ બધી ચિંતા મધ્યમ વર્ગનાં મા બાપને હોય છે. ખરેખર એ ચિંતામાં પ્રેમ છુપાયેલો હોય છે.

"દરેક સંતાન માટે મા- બાપથી કિંમતી ધન નથી,
વહુ ભલે આવે છતાંય જુદાં મન નથી,
સંતાન રહેતાં હોય ભલે માં - બાપથી દૂર,
કેમ કહે સંતાન તેની આંખ નમ નથી!"
"ચાંદ "

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ" માંડવી કચ્છ

--------------------------------

## NOG SS No : 001

પ્રકાર : લેખ
શીર્ષક : મમ્મી પપ્પા ની વૃદ્ધાવસ્થા

બજાર ની વર્તમાન સ્થિતિ..મમ્મી પપ્પા ની વૃદ્ધ અવસ્થા...
ઘર માં કમાનાર વ્યક્તિ ફક્ત હું...છતાં..પણ આજે....
મમ્મી...અને મારી પત્ની વચ્ચેના ઉગ્ર મત ભેદ ..અંતે મનભેદનું પરિણામ બન્યું...
જે મને શંકા હતી તે જ અંતે થયું....
વેકેશનમાં ગયેલ પત્ની વેકેશન પુરું થવા છતાં પિયરથી પાછા આવવા નું નામ નહોતી લેતી....
મેં કારણ પૂછ્યું તો જવાબ મારા સાસુ..સસરા તરફથી મળ્યો...જમાઈ રાજ...તમારા માઁ બાપથી તમે જુદા થાવ તો...મારી દીકરી ને ત્યાં મોકલું...
અચાનક ...થયેલા પ્રહારથી હું મુંઝાઈ ગયો..છતા પણ સ્વસ્થ થઈ... મેં સામો સવાલ કર્યો....અને નહીં થાઉ તો...?
સસરા બોલ્યા,"દીકરી અહીં અમારે ત્યાં રહેશે"
મેં કહ્યું,"આ તમારી ધમકી સમજી લઉ ?"
તે બોલ્યા,"એવું સમજી લ્યો.."
મેં કહ્યું,"તો..મારી ચેતવણી પણ સાંભળી લ્યો.. ,આ નિર્ણય તમારો છે મારો નહીં....હવે પછીના આવનાર દરેક પરિણામો..માટે ફક્ત તમે જવાબદાર હશો"
"મતલબ..."સસરા બોલ્યા..
"મતલબ સાફ છે..મા બાપ મારા છે જુદા થવું કે ન થવું ..એ મારી અંગત વાત છે..આ તમારો વિષય નથી...જેથી..તમે તમારી મર્યાદામાં રહો અંને હું મારી મર્યાદામાં રહુ ..તેમાં આપણા બંન્ને નું માન સન્માન રહેશે."એમ વાત કરી મેં મોબાઈલ ને કટ કર્યો..
મને ઘરે ચિંતામાં બેઠેલો જોઇ.. પપ્પા એ સવાલ કર્યો,"બેટા કોઈ તકલીફ
મેં વિગતે વાત કરી.
પપ્પાના ચહેરા ઉપર નારાજગી જણાતી હતી...પણ સાથે મક્કમતા પણ હતી...પાપા તરત જ સ્વસ્થ થઈ બોલ્યા,"બેટા... આવડી નાની વાતમાં દુઃખી શું કામ કામ થવું..? મારા તરફ થી લિલી ઝંડી છે તને.. તું આનંદ થી જુદો થા...બેટા"
તેઓ તેમની આંખો ભીની લૂછતાં બોલ્યા,"બેટા પણ અમને મળવા આવતો રહેજે....
આવા નાના કારણો ને લીધે...લગ્ન જીવન ઉપર કોઈ અસર ન થવી જોઈએ"
આટલું બોલી પપ્પા છાપું વાંચવા નો વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યા....
મને મંદિરની અંદર બેઠેલો ભગવાન રડતો હોય તેવી લાગણી થઈ..
અગણિત ઉપકાર મારી જિંદગી ઉપર... આ મા બાપના છે.. પોતાની જરૂરિયાત ઉપર કાપ. મૂકી મારા મોજશોખ પૂરા કર્યા....
જ્યારે જ્યારે હું રડતો ત્યારે ત્યારે પપ્પાએ મને હસાવવાનો પ્રયત્ન કર્યો છે ...જ્યારે..જ્યારે હું મુંઝાયો છુ.. ત્યારે..ત્યારે..મારા ખભા ઉપર હાથ મૂકી...મને હિંમત આપી છે..
એ પપ્પાની ભીની આંખો... અને હિંમત હારેલા જોઈ હું કઈ રીતે ઘરની બહાર જઈ શકું ?
તેના માટે તો માત્ર હું જ ઘડપણ ની.લાકડી છુ...
મારા લગ્ન જીવન ને ફક્ત ચાર વર્ષ જ થયા છે..તેમાં.. મારા સાસુ સસરા ને આવું બોલવાનો હક્ક કોણે આપી દીધો ?
તમે દીકરી આપી છે...તો મારા મા બાપે કમાતો દીકરો આપ્યો છે..એટલે દીકરી આપી અને મારા ઉપર તમે ઉપકાર કરતા હોય તેવું...વાણી વર્તન તો હું કદી નહીં ચલાવું ...એવો મેં મન ની અંદર નિર્ણય લઈ લીધો...
સાંજે મમ્મી ..પાપા સાથે..ડાઇનિંગ ટેબલ ઉપર હું જમતો હતો..ફરીથી ...સસરા નો...મોબાઈલ આવ્યો....ફરી થી એજ સવાલ..."જમાઈ રાજ..શુ વિચાર્યું ?"
મેં કહ્યું "વિચારવા નું શુ હોય ? ...મારી ટ્રાન્સફર તમારા જામનગર ગામમાં જ કરાવી લીધી છે....હું..મમ્મી પપ્પાથી જુદો થાવ છું..પણ ....હવે જામનગરમાં કાયમ માટે તમારી જોડે....રહીશ"
જમાઈ રાજ..ઘર ના મળે ત્યાં સુધી સાથે રહેજો.."સસરા બોલ્યા.
મેં કહ્યું,"ઘર કોને ગોતવું છે..મારે તો તમારા ઘરે જ તમારી દીકરી સાથે કાયમ રેહવું છે....આમે હું તમારી દીકરીનાં આગ્રહ ને કારણે તમને પપ્પા..કહી નેજ બોલવું છું....
૩૫ વર્ષ મારા બાપે મને સાચવ્યો..બાકીનાં વર્ષ તમે મને સાચવો..."સસરાજી ગંભીર થઈ બોલ્યા,"એ શક્ય નથી....દીકરી અને જમાઇ કાયમ માટે અમારા ઘરમાં સારા ન લાગે..."
મેં કહ્યું,"પણ મારે તમારી સાથે જ રહેવું..છે...જેથી મને અને તમને તમારી લાડકી દીકરીનાં સાચા સ્વરૂપની ખબર પડે...."
સસરા.... બોલ્યા...
"દીકરી જમાઈ.. પિયરમાં સારા ન લાગે.... સાસરામાં જ સારા લાગે."
મેં કીધું.... "માફ઼. કેહવા નું એજ છે..વડીલ...દીકરી સાસરે જ સારી..લાગે..તમારી દીકરી છે...તો તે મારી પત્ની..પણ .છે..
જેટલી ફરજ તમારી દીકરીને મારે સુખી રાખવાની છે.તેટલી જ ફરજ મારી મારા મા બાપ પ્રત્યે પણ છે ..એ કેમ તમે ભૂલી જાવ છો ?
તમારી દીકરી ને જ્યારે મોકલવી હોય ત્યારે ૩૬૫ દિવસ અમારા ઘરનાં બારણાં ખુલ્લા છે....બાકી એક સલાહ તમને આપું ..તમે દીકરીના ઘરમાં માથું ના મારો...એ આપણા એક બીજા ના હિત માં છે...તમારા લાડ..અને વધારે પડતા પ્રેમે તમારી છોકરી ને વધારે પડતી સ્વચ્છંદી ..અને તોછડી બનાવી દીધી છે....
આજકાલ દીકરી ના માઁ બાપ દીકરી નું યોગ્ય ઘડતર કરતા નથી...અને વગર ટ્રેનિંગે કોઈ ના ઘરમાં મોકલી આપે છે..પછી..વર અને સાસુનાં વાંક કાઢવા એ આદતો બનતી ગઈ છે....
સત્ય ..અને કડવું,
છેલ્લે મારું સાંભળી લ્યો..તમારી દીકરી ને એકલું એટલે રહેવું..છે..તેના સમયે ઉઠવું...કીટીપાર્ટી ઓ કરવી છે...અને સહેલીઓ સાથે રખડવું..છે...તે શક્ય નથી..આપ છ મહિના કે વર્ષ સાચવી તેનો અનુભવ કરી જુવો લગ્ન પહેલાં ની દીકરી અને સાસરેથી પાછી આવેલ દીકરીનો તફાવત ખબર તમને પડી જશેઅને યાદ રાખજો...જાતે અહીં મુકવા તમે આવશો...સોમવારથી સ્વીટુની સ્કૂલ ખુલે છે...તમારી દીકરી ને મોકલવી હોય તો મોકલી આપો નહીતર સ્વીટુ નું ત્યાં એડમિશન લઈ લેજો....."કહી મેં મોબાઈલ કટ કરી દીધો...
પપ્પા મમ્મી મારી સામે જોતા રહ્યા....પપ્પા..ભીની આખે બોલ્યા..,"તારા વ્યક્તિત્વ પ્રમાણે મેં જે આશા તારી પાસે રાખી હતી..તેજ ..તું બોલ્યો.. બેટા ગર્વ છે...મને તારા ઉપર... "
સાથે તારી મમ્મીને પણ એક સલાહ આપું છું..બીન જરૂરી કચકચ કે તે લોકો ની વ્યક્તિગત જિંદગીની અંદર દખલગિરી ન કરતી..નહીતર ઘર ને તૂટતું કોઈ બચાવી નહીં શકે..."
ત્યાં થોડી વાર પછી ફરીથી મોબાઈલ ની રિંગ વાગી... સસરા નો મોબાઈલ આવ્યો,"જમાઈ રાજ...કાલે બપોરે નીકળી રાત્રિ સુધીમાં અમારી દીકરી ને મુકવા આવું...છું.... સાંજે આપણે સાથે જમવા નું રાખશું...."
મેં કીધું..,"આવો તો બેત્રણ દિવસ રોકાઈ ને જજો..ઘર જ છે..."
સસરા.. બોલ્યા,"બેટા.. માફ કરજે...તારી સ્વમાની અને કડક વાત સાંભળી...મારી જવાની યાદ આવી ગઈ..મેં તારાજેવું વર્તન કર્યું હોત..આજ
મારા મા બાપના દીવાલ ઉપર લટકતા ફોટા સામે નીચે માથે ઉભો ન હોત... તમે શાંતિથી સ્વમાનથી તમારા મા બાપ સાથે જીવો.. તેવા અમારા આશીર્વાદ છે...!"

આજે સમાજના દરેક વર્ગ ને ખાસ આજની યુવા પેઢીએ સમજવાની જરૂર છે અલગ રહીને માવતર ને અલગ ના કરશો..
(સામાજિક વાસ્તવિક ઘટના નામ વગર મૂકી છે.)

સૌજન્ય-પ્રદીપ રાવલ.
ગ્રુપસંચાલક....ગાંધીનગર

--------------------------------

## NOG SS no.0007

પ્રકાર : ગદ્ય
વિષય : પપ્પા

પપ્પા છે તો..!

પપ્પા એટલેજ આપણું જીવન.કારણ પપ્પા છે તો સવારનો સૂરજ સોનાનો લાગે છે. કારણ પપ્પા હોય તો સવારે આંખ ખૂલતાંની સાથેજ એ ચિંતા નથી કે મારે ઘણી બધી જવાબદારીઓ નિભાવવાની છે.ઉંમરનાં કોઈપણ પડાવ પર ' બેટા હું છું ને ! શા માટે ચિંતા કરે છે?' જેવા શબ્દો અંતરને રાહત આપે છે.પપ્પા છે તો બજારની દરેક વસ્તુઓ આપણી છે,પપ્પા છે તો ઘરમાં સગાસંબંધીઓનો મેળો છે,પપ્પા છે તો દરેક રવિવારે તહેવાર છે, પપ્પા છે તો દરેક પ્રસંગની ઊજવણી અને ધામધૂમ શાનદાર છે,પપ્પા છે તો દીકરીને તુંકારો કરનારને ધાક છે.પપ્પાની છત્રછાયા એટલે સન્માન અને સલામતીની એક ઢાલ અને પપ્પાની છાતી....!એજ છાતી જેનાં પર બાળપણમાં મારી પગની પાનીઓએ કદાચ લાતો મારી હશે.એજ છાતી જેનાં પર ગૌરવથી મસ્તક નમાવી મારી સિધ્ધીઓ વહેંચી હતી.એજ છાતી, જ્યારે જીવનમાં નિરાશા આવી ત્યારે એના પર મસ્તક મૂકી શાંતિ અનુભવી અને એજ છાતી પર લગ્નની વિદાય વખતે માથું મૂકી ખૂબ રડી હતી.એ છત્રછાયા, એ ઢાલ, એ છાતી આજે મારી પાસે નથી.પરંતુ આજે પણ એમની હૂંફ એમના શબ્દોએ, એમના વિચારોએ મને સતત રક્ષી છે, સાચવી છે અને ઉત્તરોત્તર મારી જે કંઈ પણ પ્રગતિ થઈ છે એ એમનાજ રંગસૂત્રોને આભારી છે.

(ખૂબ નાની વયે પપ્પા અમારો સાથ છોડી ગયા એટલે આ રચના મારા સબ કોનશ્ચિસ માઈન્ડમાં ધરબાયેલી ઈચ્છાઓ છે.જો આજે કદાચ પપ્પા હયાત હોત તો આ બધુંજ હું પ્રત્યક્ષ અનુભવી શકત.)

આરતી અ.મરચંટ મુંબઈ : કાંદિવલી

--------------------------------

## NOG SS No: 0043

લેખપ્રકાર : ગદ્ય
શીર્ષક :પિતા

પપ્પા.. પિતા...ડેડી... તાત... કંઈક કેટલાં શબ્દો છે પિતા માટે તો, પરંતુ પિતાની તોલે તો દેવતા પણ નથી આવતા. પિતા તો સૂર્ય જેવા ગરમ અને ચંદ્ર જેવા ઠંડા પણ હોય છે. પોતાના પરિવારનાં દરેક સભ્યોની જરૂરિયાતને કોઈ પણ સંજોગોમાં પૂરી કરે છે.

નાનપણમાં દીકરાને જ્યારે ભણવામાં ઠપકો આપતા ક્યારેક તો મારે પણ ખરા, પરંતુ તે જ દીકરાને ભવિષ્યમાં સારી નોકરી મળતા આખી દુનિયામાં પેંડા વેચે તે પિતા.દીકરીને મોટી કરી કાળજું કઠણ કરી બીજાને સોંપી દે તે પિતા. ગમે તેટલી મુશ્કેલી આવે પણ તેને એકલા હાથે લડીને પરિવારને ખુશ રાખતા પિતા. કદાચ તહેવારનું બોનસ પોતે નહીં રાખે, પણ એ બોનસથી પરિવારને ખુશ કરશે. પિતાની હાજરી કરતાં પિતાની ગેરહાજરી ન વર્ણવી શકાય તેવી હોય છે અને તે ફક્ત જેણે પોતાના પિતા ગુમાવ્યાં છે તે જ જાણી શકે છે.

સાચું કહુ તો "જો મા વાત્સલ્યમૂર્તિ છે, તો પિતા ત્યાગની મૂર્તિ છે."

મૈત્રી ઉપાધ્યાય ,અમદાવાદ

--------------------------------

સાહિત્ય સરિતા(૧)

## NOG SS NO-0042

વિભાગ-ગદ્ય
પ્રકાર-લેખ
શીર્ષક-પિતૃ દેવો ભવઃ

એ નેતા હોય,અભિનેતા હોય, શિક્ષક હોય કે ડોક્ટર હોય,પણ ઘરમાં પ્રવેશતાંની સાથે એ તમામ હોદ્દા ફગાવી સંતાનો માટે એક પ્રેમાળ પિતા બની જાય છે. સંતાનોનો ઉછેર કરવા તેની પાસે સમય નથી હોતો પણ,સંતાનોની સમસ્યાઓ સાંભળવા જેટલી ધીરજ તેનામાં જરૂર હોય છે.

આમ જોઈએ તો પિતા એટલે ઘરનો આધારસ્તંભ જેનાં આધારે આખો પરિવાર કિલ્લોલ કરતો હોય. સાહિત્ય જગતમાં જેટલું માતા વિશે લખાયું છે,એટલું પિતા વિશે નથી લખાયું. એનો અર્થ એ નથી કે ઘર પરિવારને જોડી રાખવામાં તેનો ફાળો નથી. હા, એ ખપ પૂરતું બોલશે પણ,એના મૌનનો પણ મહીમાં અનેરો હશે. ક્યારેક એ પોતાના ફાટેલાં ખિસ્સા કે ફાટેલાં ચપ્પલથી સંતાનોનાં સપના સાંધતો હશે. સંતાનો નાના હોય ત્યારે માર્ગદર્શક અને મોટા થયે મિત્ર બની જાય છે. પોતાની આંગળી પકડીને ચાલતાં સંતાનોને એ ઠોકર નથી લાગવા દેતો.

પિતા વગર કેવું લાગે એ જેનાં પિતા હયાત ન હોય એને પૂછજો. પિતાનું મહત્વ લગ્ન કરી સાસરે જતી દીકરીને પૂછજો.એ પિતાના ફોન પર ઢીલા થયેલા અવાજ પરથી પારખી જશે કે કંઈક તો જરૂર છે જે તેનાંથી છુપાવાની કોશિશ થઈ રહી છે,કારણકે દીકરીનાં જીવનમાં આવનાર પહેલું પુરુષ પાત્ર એટલે પિતા હોય છે. કદાચ એટલે જ તેનાં પતિમાં એ પિતાની પ્રતિકૃતિ શોધતી હોય છે.

આમ પિતા એટલે પડદા પાછળનો શ્રેષ્ઠ કલાકાર. મૃત્યુ પછી પિતાના ફોટાને હાર પહેરાવવા કરતાં જીવતાં જ પિતૃદેવો ભવઃ કહી પગે લાગવું શું ખોટું!

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

--------------------------------

## NOG SS NO:005

વિભાગઃ ગદ્ય
શીર્ષકઃસંસ્મરણ

રાત્રે ૩ વાગ્યે રસોડામાંથી અવાજ આવતા જાગી અંદર ગઈ. ત્યાં આછા પ્રકાશે એક આકૃતિ સ્ટવ પાસે બેસી પોતાનાં કામમાં તલ્લીન જોઈ. "આખા દિવસમાં ભૂખ લાગે તો આ ડબ્બામાં ખાખરા બનાવી મૂકું છું. ખાઈ લેવા અને મિનેષ-દીપુને પણ આપવા. બાજુવાળા માસી જમવાનું મૂકીજવાના છે પણ ઓછું પડે તો આ ખાઈ લેજો. તું સુઈ જા ".

મમ્મી કુકર ફાટતાં દાઝી હતી. પથારીમાં હતી. અમે ત્રણેય ભાઈ-બહેન એકદમ નાસમજ. ઘર સાચવનાર ફક્ત એ જ.

ઈમાનદાર શિક્ષકની છાપ. મુખ્ય વિષય ગણિત-વિજ્ઞાન છતાં ખાસ જરૂર હોય એવા પાંચ જ વિદ્યાર્થીને ટ્યુશન માટે બોલાવે. બાકી ઓળખાણવાળા મફત.. ટૂંકી આવકમાં પાંચ જણને પોષવા એટલે કરકસર અને કંજુસાઈની ભેદરેખા ક્યારેક ઓળંગાતી. તેમને વારસામાં ફક્ત કસાયેલું શરીર મળ્યુ બસ.

અત્યારે ૭૫ વર્ષની ઉંમરે કોઈ પણ દવા લીધાં વગર ૫ થી ૬ કિમી રોજનું ચાલે છે. સામાન્યથી લઇ મોટી શારીરિક તફલીફમાં ડોક્ટર પાસે જવામાં નાનમ અનુભવે છે. ઉંમરના કારણે એકની એક વાતનું રટણ, કરકસરનો આગ્રહ, શિસ્ત માટે ચુસ્ત, તેમનાં પર ઘરના બીજા લોકો ચીડાય છે અને ક્યારેક હું પણ.

પરંતુ જ્યારે આખા દિવસના થાકેલા વ્યક્તિને ત્રણ વાગ્યે ખાખરા બનાવતા સંભારુ છું ત્યારે ઢીલી પડી જાઉં છું. ગર્વ અનુભવુ છું. પૈસા વગર પણ સ્વમાનથી જીંદગી જીવી શકાય છે એ શીખી છું. હું એ બાપની દીકરી છું જેમણે મને મહેનત કરતાં શીખવ્યું છે. ગમે તેટલી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ કરી છે. હા હું વાત કરું છું. મારા પપ્પા - સુનીલભાઈ ત્રિવેદીની. પિતૃવંદના કરી સૌને શુભદિવસની શુભેચ્છા પાઠવું છું.

વંદના વાણી - વ્યારા

**નર્મદા ભાજપમાં ચૂંટણી ટાણે ભડકો વર્ષોથી કામ કરતા પાયાના કાર્યકરો અને આગેવાનોને ટિકિટ ન મળતાં રોષ**

# રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને બે મહિલા આગેવાન મહિલાઓ ટિકિટ ન મળતાં અપક્ષ ઉમેદવારી કરી બળવો કર્યો

## નર્મદા જિલ્લા ભાજપ મહિલા મોરચા મહામંત્રી મનીષાબેન ગાંધી તથા નાંદોદ તાલુકા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી સરોજબેન તડવીએ વોર્ડ ૭ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવતા બળવાની સ્થિતિ

રાજપીપળા તા ૧૨

નર્મદા જિલ્લાની સ્થાનિક સ્વરાજ ચુંટણીમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને આખરી ઓપ આપી દેવાયો છે.રાજપીપળા પાલિકા ચુંટણી માટે રાજકીય પક્ષો કરતા અપક્ષોએ અત્યાર સુધી સૌથી વધુ ફોર્મ ભર્યા છે.એ તમામની વચ્ચે રાજપીપળા પાલિકા ચૂંટણી માટે ટીકીટ વહેચણીમાં ભાજપના કાર્યકરોમાં જ ભડકો થયો છે.રાજપીપળા પાલિકા ચૂંટણી માટે અમુક વોર્ડમાં કોંગ્રેસ માંથી ભાજપમાં આવેલા પેરશુટ ઉમેદવાર તો અમુક વોર્ડમાં આયાતી ઉમેદવારો ભાજપે ઉતારતા ભાજપના કાર્યકરોમાં રોષ ફેલાયો છે.અગાઉ નર્મદા જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી ઈરફાન આરબે પણ બળવો કરી વોર્ડ ૫ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે ત્યારે નર્મદા જિલ્લા ભાજપ મહિલા મોરચા મહામંત્રી મનીષાબેન ગાંધી તથા નાંદોદ તાલુકા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી સરોજબેન તડવીએ વોર્ડ ૭ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.રાજપીપળા પાલિકા વોર્ડ ૫ અને વોર્ડ ૭ માંથી ભાજપની જ મહિલા આગેવાનોએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા ભાજપ માટે ચુંટણી જીતવી એ લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થશે.રાજપીપળા પાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ.અલકેશસિંહ ગોહિલના પુત્ર કુલદીપસિંહ ગોહિલે વોર્ડ ૬ માંથી ભાજપ અને અપક્ષ એમ ૨ ફોર્મ ભર્યા હતા. નારાજ ભાજપી મહિલા હોદ્દેદારોએ જણાવ્યુ હતું કે અમને ભાજપની સેવાનું ફળ ન મળ્યું, હવે ફોર્મ પાછું નહિ ખેચીએ નર્મદા જિલ્લા ભાજપ મહિલા મોરચા મહામંત્રી મનીષા બેન ગાંધીએ જણાવ્યું હતું કે હું ૧૯૯૯ થી ભાજપમાં કામ કરૂં છું.મેં પોતે ભાજપની તમામ બેઠકોમાં હાજરી આપી છે, જવાબદારી પૂર્વક કામ પણ કર્યું છે.ગત વખતે પણ મારા વોર્ડ ૫ માંથી સામાન્ય મહિલા અનામત સીટ પરથી મને ટીકીટ આપી ન્હોતી અને આ વખતે પણ મને ટીકીટ નથી આપી, સામાન્ય મહિલા અનામત સિટ પરથી આદીવાસી મહિલાને ઉમેદવાર બનાવી છે.જો પક્ષ કહેશે તો અમે રાજીનામુ પણ આપવા તૈયાર છે.અમે ભાજપની જે સેવા કરી એનું ફળ અમને ન મળ્યું, હું કોઈ પણ ભોગે ફોર્મ પરત ખેંચુ નહિ એમ જણાવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે મનીષા બેન ગાંધીએ અન્ય વોર્ડ માંથી કોઈ દિવસ ટીકીટ માંગી નથી પણ વોર્ડ ૫ માંથી ટીકીટ માંગી તે છતાં સામાન્ય મહિલાની જગ્યાએ ભાજપે આદીવાસી મહિલાને ટિકિટ આપતા ભારે રોષ ફેલાયો છે.



જયારે નાંદોદ તાલુકા ભાજપ મહિલા મોરચા મહામંત્રી સરોજબેન તડવીએ જણાવ્યું હતું કે મોટા નેતાઓએ ટીકીટની વહેચણી કરી નાના કાર્યકરોની અવગણના કરાઈ છે.પૈસા લઈને જ ટીકીટની ફાળવણી કરાઈ હોવાનો ગંભીરઆક્ષેપ કર્યો હતો અને જણાવ્યુ હતું કે.મેં આટલા વર્ષો ભાજપમાં કામ કર્યું તે છતાં મને ટીકીટ નથી આપી, મેં નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ રમણસિંહ રાઠોડને રજુઆત કરી તો એમણે જણાવ્યું કે આ બધું ઉપરથી જ થયું છે.રાજપીપળા પાલિકામાં ટીકીટ વહેચણી મુદ્દે ભાજપે વ્હાલા દવલાની નીતિ અપનાવી છે. હજી ભાજપા ભડકો થવાની શક્યતા છે

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# તિલકવાડા તાલુકાના ભાજપ કાર્યકરોએ પોતાના ઉમેદવારને ટિકીટ ન મળતા કર્યો હોબાળો

રાજપીપળાઃ તા ૧૩

નર્મદા જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ પોતાના ઉમેદવારોની જાહેરાત માટે આખરી ઓપ આપી રહ્યા છે. તો બીજી બાજુ કોંગ્રેસ-ભાજપ બન્નેવમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ પેદા થઈ છે.જો કે કોંગ્રેસ દ્વારા નર્મદા જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. નર્મદા જિલ્લા પંચાયતની આમલેથા બેઠક માટે નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવાની પુત્રી મનીષાબેન વસાવાને ટિકીટ મળી છે. જયારે કેવડિયા જિલ્લા પંચાયય બેઠક માટે નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન દિનેશ તડવીના પુત્ર રણજીત તડવીને ટીકીટ મળી છે. જયારે ડેડીયાપાડાની મોરજડી બેઠક પર નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ દામાભાઈ હેરિયાભાઈ વસાવાને અને વડીયા બેઠક માટે નર્મદા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ જયંતિભાઈ વસાવાને ઉમેદવાર બનાવાયા છે.

જયારે નર્મદા જિલ્લા પંચાયતની વડીયા અને આમલેથા બેઠક પર બળવાના એંધાણને લઈને ઉમેદવાર ઉતારવામાં ભાજપ દ્વિધામાં મુકાયું છે.ભાજપે વડીયા જિલ્લા પંચાયત માટે ભાજપ માંથી નર્મદા જિલ્લા પંચાયત વિપક્ષ નેતા કિરણ વસાવા તથા નાંદોદ તાલુકા ભાજપ મહામંત્રી અશોક વસાવાએ અને આમલેથા બેઠક માટે સુમંતાબેન વસાવાએ ફોર્મ ભર્યું હોવાનું તથા જિજ્ઞાશાબેન નિરંજન ભાઈ વસાવાએ પણ પ્રબળ દાવેદારી નોંધાવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે, હવે જોવું એ રહ્યું કે ભાજપ મેન્ડેટ કોને આપે છે.

તો બીજી બાજુ તિલકવાડા જિલ્લા પંચાયતની બેઠક માટે ભાજપ માંથી અરુણ તડવીએ દાવેદારી નોંધાવી હતી, એમની જગ્યાએ અન્યને ભાજપે ટિકીટ મળતા તિલકવાડામાં ભાજપ કાર્યકરોએ હોબાળો મચાવ્યો હતો અને એ વિસ્તારના કાર્યકરોએ દુકાનો અને ભાજપનું કાર્યાલય બંધ કરાવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે જો કે આ હોબાળા બાબતે કોઈ પુષ્ટિ મળી નથી અને નર્મદા જિલ્લા ભાજપ સંગઠન દ્વારા કોઈ જ પ્રતિક્રિયા અપાઈ ન હતી.

તિલકવાડા બેઠક માટે ભાજપ માંથી દાવેદારી કરનારા અરુણ તડવીએ જણાવ્યું હતું કે એક તરફ ભાજપ એવા નિયમ બનાવે છે કે ભાજપ આગેવાન અને હોદ્દેદારોના સગાઓને ટિકીટ નહિ મળે તો બીજી બાજુ નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી વિક્રમ તડવીએ એમના જ સગાઓને ટીકીટની લ્હાણી કરી છે એની સામે સ્થાનિક ભાજપ કાર્યકરોમાં રોષ ફેલાયો છે.

રિપોર્ટઃ જયોતિ જગતાપ, રાજપીપળા

# બિહારના છપરામાં ફેસ ઓફ ફ્યુચર ઈન્ડિયા દ્વારા નેશનલ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામ યોજવામાં આવ્યો



તા.૧ થી ૩ ફેબ્રુઆરી સુધી બિહારના છપરામાં ફેસ ઓફ ફ્યુચર ઈન્ડિયા દ્વારા નેશનલ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.જેમાં ભારતભરમાંથી ૩૨ જેટલા સમાજસેવી યુવાઓને તા. ૦૩/૦૨/૨૦૨૧ના રોજ ×રાષ્ટ્રીય પ્રેરણા દૂત પુરસ્કાર× એનાયત કરવામાં આવ્યો હતો. ભારત દેશના જુદા જુદા રાજયોમાંથી આવેલા યુવાનોએ એક મંચ પર એકઠા થઈને લઘુ ભારતનું દ્રશ્ય ખડું કર્યું હતું.અને જુદા જુદા રાજયોના સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા. જે ખૂબ જ સુંદર હતા. સમાજમાં રહીને નિસ્વાર્થભાવે માનવતાના કાર્યો થકી યુવાનોએ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી હતી.આ પુરસ્કાર વૃક્ષારોપણ, રક્તદાન, ફ્રી શિક્ષણ, અંધશ્રદ્ધા નિવારણ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાગૃતિ, વગેરે જેવી સમાજ સેવાની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ બદલ આ પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં દર વર્ષે ભારતભરમાંથી ૩૦ જેટલા યુવાનોની પસંદગી કરવામાં આવે છે.જેમાં ગુજરાતમાંથી બે યુવાઓની પસંદગી કરવામાં આવી હતી.જેમાં ઉત્તર ગુજરાતમાંથી એક માત્ર શ્રી સરસ્વતી વિદ્યામંદિર,વાઘાસણના શિક્ષકશ્રી જોધાભાઈ એમ. પાંચલ (ગામઃ- વાતડાઉ તા.થરાદ જી.બનાસકાંઠા)ની પસંદગી કરવામાં આવી હતી.× રાષ્ટ્રીય પ્રેરણા દૂત પુરસ્કાર મેળવીને જોધાભાઈ એ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સાથે સાથે આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આપણા રાષ્ટ્રપતિ પુરસ્કર્તા હરચંદભાઈ એસ.ચૌહાણે પણ ઉપસ્થિત ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.અને કાર્યક્રમનું સંચાલન ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને માર્ગદર્શન પૂરું પાડનાર હજારો યુવાઓના પ્રેરણારૂપ આદરણીય હરચંદ ભાઈ ચૌહાણ સાહેબ તથા અન્ય સૌ કોઈ તમામ મિત્રોનો દિલથી આભાર માનું છું.

# ઈડર વાંસડોલ ગામની સિમમાં આવેલ પિતાના સંયુક્ત જમીન પચાવી લેતા પુત્રીએ કાકા, કાકી અને કાકા ના પુત્રો સામે ફરિયાદ નોંધાવી.



ઈડર તાલુકા ના વાંસડોલ ગામની પિતા ના ભાગ ની જમીન પચાવી પાડી જાણ બહાર અન્ય ઈસમો ને ખોટી સહી કરીને બાનાખત કરી જાનથી મારી નાખવા ની ધમકી આપતા પુત્રી એ કાકા, કાકી અને પિતરાઈ ભાઈ સામે ઈડર પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાઈ. પોલીસ સૂત્રો મળતી માહિતી અનુસાર ઈડર તાલુકા ના વાંસડોલ ગામના સ્વં અવચર ભાઈ અનેભાઈઓ ની સંયુક્ત જમીન વાંસડોલ ગામ ની સિમ આવેલ છે અવચર ભાઈ ના અવસાન પછી વારસદાર પત્ની અને દીકરી રાંદલ બેન થાય છે રાંદલ બેન ના લગ્ન પછી જમીન નું વાવેતર કાકા કરતા હતા થોડાક વર્ષ પહેલા રાંદલ બેન અને તેમની માતાની ખોટી સહીઓ કરી ને ઈડર તાલુકા ના બુઢીયા ગામના ધનજીભાઈ મોતી ભાઈ પટેલ ને બાનાખત અને એફિડેવિટ કરી નેવેચાણ કરીદીધી હતી તેમજ જમીન ના પિયત માટે વીજ પાવર પણ વધારી દેવામાં આવ્યો હતો તેમજ પિતા ની સંયુક્ત જમીન માં વાવેતર કરવા જતા કાકા, કાકી અને કાકા ના પુત્રો દ્વારા એક સંપ થઈ ને ખેંચતાણ કરી ને ગડદા પાટુ નો માર મારી ને જાનથી મારી નાખવા ની ધમકી આપી હતી તેમજ પોલીસ માં અમારી વગ છે પોલીસ ને પૈસા આપી ને ખરીદી લીધી છે. તારી પાસે જે કાગળો છે તે ફાડી નાખજે નહીતર બને કુવા માં નાખી દઈશું અને અકસ્માત માં ખપાવી દઈશું અને જાન થી મારી નાખવા ની ધમકી આપી અપાતા ઈડર પોલીસસ્ટેશન માં આઠ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આમની સામે ફરિયાદ નોધાઈ..

૧.મગનભાઈ વજાભાઈ ભાંભી, ૨.પ્રવીણભાઈ ભાંભી,૩.આશિષભાઇ મગનભાઈ ભાંભી,૪.મનીષભાઈ પરાગભાઇ ભાંભી ,૫.દિનેશભાઇ નાથાભાઈ ભાંભી,૬.કરશનભાઇ નાથાભાઈ ભાંભી,૭.કમળા બેન મગનભાઈ ભાંભી,૮.શાન્તા બેન દલાભાઈ ભાંભી

# નર્મદામાડ્રીપ ઈરીગેશન પાઈપોની ચોરી કરતી તેમજ સીમ ચોરી કરતી સક્રીય ગેંગ ઝડપાઈ




રાજપીપળા, તા ૧૩

નર્મદા જિલ્લામા છેલ્લા કેટલાક દીવસથી ડ્રીપ ઈરીગેશનની પાઈપોની મોટા પાયા પર ચોરી પ્રકરણથી પોલીસ તંત્ર દોડતું થઇ જવા પામ્યુ હતું. જોકે પોલીસે આ કેસમા સઘન તપાસ કરી ચોરીનું પગેરૂ શોધી કાઢ્યું હતું. અને આ ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓને ઝડપી પાડી ડ્રીપ ઈરીગેશનની પાઇપો ભરેલ ટેમ્પો તથા તેના પાયલોટીંગ માટે મોટર સાયકલ કબજે લીધી હતી.

બનાવ ની વિગત અનુસાર રાજપીપલા તથા આમલેથા પોલીસ મથકમાં નોંધાયેલ પાઇપ ચોરી પ્રકરણ ગુનાની એલ.સી.બી ટીમ તથા રાજપીપલા પોલીસની ટીમેરાજપીપલા વિસ્તારમાં અલગ-અલગ ગામડાઓની સીમમાં આવેલ ખેતર માથી ડ્રીપ ઈરીગેશન પાઇપ ચોરી થવાની ફરીયાદો મળતા અન ડીટેકટ ગુન્હાઓ દાખલ થયા હતા. આ ગુન્હોને ડીટેકટ કરવા માટે રાજપીપલા ટાઉનમાં તેમજ વડીયાજકાતનાકા તથા રંગઅવધુત ખાતે લગાવવામાં આવેલ સી.સી.ટી.વી ફુટેઝ ચેક કરતા એક નંબર વગરનો અશોક લેયલન્ડ ટેમ્પોમાં ડ્રીપ ઈરીગેશનની પાઈપો લઇ જતા જોવા મળી આવેલ .જે ટેમ્પો શંકાસ્પદ જણાતા આ ટેમ્પા અંગે આર.એ.જાદવ પોલીસ ઈન્સ્પેકટર તથા અ.લો.ર નરેન્દ્રભાઇ બાબુભાઇ તથા અ.લો.ર ધવલભાઇ હરીભાઇ વોંચ તપાસમાં હતાતે દરમ્યાન ચોક્કસ બાતમીના આધાર નંબર વગરનો અશોક લેયલન્ડ ટેમ્પામા ડ્રીપ ઈરીગેશનની પાઇપો ભરેલ ટેમ્પો તથા તેના પાયલોટીંગ માટે મોટર સાયકલ નં-ય્ન્ન-૨૨-સ્-૮૪૭૯ ને મોટી રાવલ ગામ પાસેથી પીછો કરી પકડી પાડ્યો હતો.

આ ટેમ્પાનો ચાલક ઉર્વિતભાઇ કાનજીભાઇ વસાવા તથા તેની બાજુમાં બેસેલ પ્રદિપભાઇ રમેશભાઇ તડવી તથા પાયલોટીગ કરનાર મોટર સાયકલ ચાલક જશવંતભાઇ દિનેશભાઇ વસાવાની કડકાઈથી પુછ પરછ કરતા માંગરોલ ગામે ખેતરમાથી ડ્રીપ ઈરીગેશન પાઇપોની ચોરી કરી આવેલાનુ જણાવતા હોય જેથી તેઓને પોલીસ. મથકે ખાતી લાવી સઘનછપૂછ પરછ દરમ્યાન તેઓના મળતીયા મહેશભાઇ અંબાલાલ તડવી (રહે.લાછરસ તા.નાંદોદ) તથા આકાશ ઉર્ફે અદ્ધ (રહે.વડીયા તા.નાંદોદ) સાથે મળી રાજપીપલા પો.સ્ટેના સુંદરપુરા,વાવડી, ભચરવાડા,શહેરાવ,લાછરસ તેમજ આમલેથા પો.સ્ટેના ઓરી,કાંદરેજ,નાવડા.સોંઢલીયા ગામે ચોરી કરેલાની કબુલાત કરી હતી . જેથી એ.એમ.પટેલ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી નર્મદા તથા સ્ટાફે આરોપી દ્વારા કરેલ કબુલાત અંગે જાણ કરી તેઓ દ્વારા આ ગુન્હાઓમા ચોરીમા ગયેલ ડ્રીપ ઈરીગેશન પાઇપો તથા ઉપયોગમાં લીધેલ વાહનો કબજે લીધા હતા. તેમજ તેઓ દ્વારા ૪ આરોપીઓને પકડી પાડવામાં આવેલ છે. આમ ડ્રીપ ઈરીગેશન પાઇપોની ચોરી કરતી તેમજ સીમ ચોરી કરતી સક્રીય ગેંગને પકડી અત્રેના પો.સ્ટેના તથા આમલેથા પો.સ્ટેના ન અનડીટેક ગુન્હાઓને ડીટેક કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

## નમ્ર નિવેદન



**શ્રી લેઉવા પટેલ સમાજ બગસરા**

આપણા સૌવના ગૌરવ સમાન જાજરમાન શ્રી લેઉવા પટેલ સમાજ સૌ જ્ઞાતિબંધુ ઓ અને દાતાશ્રીઓ ના રુડા આશીર્વાદ થી તેમજ આપ સૌવના અપાર સ્નેહ સહકાર થી તા. ૧/૪/૨૦૧૬ થી તા. ૩૧/૩/૨૦૨૦ એમ ચાર વર્ષ પુર્ણ કરેલ છે જેના આવક જાવક ના વાર્ષિક અહેવાલ રજુ કરતા શ્રી લેઉવા પટેલ સમાજ ની વ્યવસ્થાપક કમીટી હર્ષ ની લાગણી વ્યક્ત કરે છે સમાજના જે કોઈ સ્નેહીજનો સ્વર્ગવાસી થયા છે તે તમામ ને સૌવ પ્રથમ શ્રધ્ધાજંલી આપતા પરમ કૃપાળુ પરમાત્મા ના ચરણોમા પ્રાર્થના કરીએ કે અમારા સ્નેહીજનો નેઆપના ચરણો મા વાસ આપે

આપણા સૌવના હદય સમ્રાટ એવા વડીલ મુરબ્બી શ્રી સ્વ. અરજણભાઈ વેલજીભાઈ પટેલ ના ક્રાંતિ કારી વિચારો ને આદર્શ માનીને તેમણે બતાવેલા પથ પર ચાલવા મા તેમનાજ વારસદાર જગદીશભાઈ અરજણભાઈ માંગરોળીયા મંત્રીશ્રી તરીકે ની જવાબદારી સંપૂર્ણ પારદર્શક કરકશર યુકત વહીવટ તેમજ દાતાશ્રીઓ સાથે ના પારિવારિક કાયમી સંપર્ક ને કારણે પુ.અરજણબાપા ના નામ ને અમો કાયમી જીવંત શકયા છીએ જેનુ અમોને ગૌરવ છે

અંત મા રમેશભાઈ સુવાગીયા પ્રમુખ શ્રી લેઉવા પટેલ સમાજ બગસરા એ જણાવ્યુ હતુ કે અમારા દરેક કાયઁક્રમો મા ખભે ખભા મિલાવીને જે સંસ્થા ગ્રુપ તેમજ વ્યક્તિગત રીતે તન મન ધન થી સહકાર આપેલ છે તે તમામ નામી અનામી જ્ઞાતિબંધુ ઓ નો હદય પુવઁક આભાર માનીને કાયમી રુણી રહેવાની લાગણી અનુભવીશુ સંતો મહંતો વડીલો ના ચરણોમા વંદન સાથ જય ભોજલરામ

**કચ્છના બે યુવાનોના મોત નિપજાવનારા**

# મુંન્દ્રા પોલીસ સામે પગલાં ભરવા બાંટવા કરણી સેનાની ગૃહમંત્રી જાડેજા સમક્ષ રજૂઆત



તાજેતરમાં કચ્છના મુંન્દ્રા પોલીસ દ્વારા સમાધોધા ગામના બે ચારણ ગઢવી યુવાનોને શંકાને આધારે ખોટી રીતે ધરપકડ કરી તેમના પર ટોર્ચર ડિગ્રી અજમાવતા યુવાન અરજણભાઈ નું તથા હરજોગભાઈ નામના ચારણ યુવાનોના મોત થતા તેના જોરદાર પડઘા પડ્યા છે. બાંટવા કરણી સેનાના આ હત્યા કરનારા મુંન્દ્રા પોલીસ સામે પગલાં ભરવા અને ડબલ મર્ડર નો ગુનો દાખલ કરી આ હત્યા માં સામેલ પોલીસ કર્મીઓની ધરપકડ કરી ચારણોને ન્યાય અપાવવા બાંટવા કરણી સેનાના અમિતસિંહ હેરમા, વિરલસિંહ નકુમ, જીતેન્દ્રસિંહ પરમાર, હેમુભા ડોડીયા, વિક્રમસિંહ ચુડાસમા, મનીષભાઈ રાજપૂત સહિતના હોદ્દેદારો એ મામલતદાર ને આવેદનપત્રા પાઠવ્યું હતુ કરણી સેનાએ રાજયના મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી સમક્ષ લેખિતરૂપે માગણી કરી છે અને મૃતક ના પરિવાર ને સરકાર યોગ્ય વળતર તાકીદથી ચૂકવવા અને સંબંધિત પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવા રજૂઆતો કરી છે

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# મોડાસા : વોર્ડ.નં-૨માં ૩૧ વર્ષથી ભાજપ પક્ષના સનિષ્ઠ કાર્યકરનો આક્રોશ

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે વોર્ડ.નં-૧ થી વોર્ડ.નં-૫ના ઉમેદવારો જાહેર કરતાની સાથે ટીકીટ માટે દાવેદારી કરનાર સક્ષમ અને પાર્ટીનું વર્ષોથી કામગીરી કરનાર કાર્યકરોને ટીકીટ નહિ મળતા તેમના સમર્થકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે શિસ્તબદ્ધ પાર્ટીના નામે છેલ્લા ૨૫ વર્ષથી અવગણના થતા હવે કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે છેલ્લા ૩૧ વર્ષથી ભાજપ સાથે સંકળાયેલા અને પાયાના કાર્યકર પ્રવીણ પરમારે

વોર્ડ.નં-૨ માં અનુસૂચિ જાતિ અનામત બેઠક પરથી ટીકીટની દાવેદારી કરી હતી તેમની જગ્યાએ અન્યને ટીકીટ ફાળવતા તેમના સમર્થકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને પક્ષ બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી

મોડાસા નાગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ.નં-૨ માં અનુસુચિત જાતિ અનામત બેઠક પર ટીકીટની માંગણી કરનાર પ્રવીણ પરમારને ટીકીટ નહીં મળતા ભાજપ સામે આક્રોશ ઠાલવ્યો હતો તેમને ભારે હૃદયે જણાવ્યું હતું કે છેલ્લા ૩૧ વર્ષથી ભાજપનો સનિષ્ઠ કાર્યકર રહ્યો છું અને મારા બનાવેલ ભાજપના અનેક સભ્યો કોર્પોરેટર બની ગયા અને મને ટીકીટ માટે કગરવું પડે છે છેલ્લા ૨૫ વર્ષથી ટીકીટ માટે આશ્વાસન આપી રહ્યા હોવાનું જણાવ્યું હતું વોર્ડ.નં-૨ માંથી પ્રવીણ પરમારને ટીકીટ નહિ મળતા તેમના સમર્થકોએ પક્ષ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી વોર્ડ.નં-૨ ના અનુસુચિત જાતિ સમાજના યુવાનોના જણાવ્યા અનુસાર વોર્ડ.નં-૨ માં સમાવિષ્ઠ માલપુર રોડ અને મેઘરજ રોડ પર ૧૫ થી વધુ સોસાયટીઓ આવેલી છે તેમ છતાં સ્થાનીક ઉમેદવારના બદલે આયાતી ઉમેદવારો થોપી બેસ્સડવામાં આવે છે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં બંન્ને અનામત બેઠક પર વાલ્મીકી સમાજને ટીકીટ ફાળવી અન્ય સમાજના લોકોને અન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.